વર્ષ : ૪૦ ◆ અંક : ૯


સપ્ટેમ્બર - ૨૦૧૬

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર





**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**


(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)

કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪

E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વ મહોત્સવની આરાધના વેળાની તસવીરો



પૂજ્યશ્રી આત્માનંદજી



બા.બ્ર. આદ. પં. શ્રી સુમતપ્રકાશજી



પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ



બા.બ્ર. શ્રી સુરેશજી



અભિષેક / પૂજા



તપસ્વીઓના પારણા



આદ. શ્રી પિકોલાબેન શાહ



ધાર્મિક અંતાક્ષરી



સાંસ્કૃતિક કાર્યક્રમ

## પૂજ્યશ્રી પ્રમુખસ્વામીના અંતિમ દર્શનાર્થે પૂજ્યશ્રી આત્માનંદજી તથા મુમુક્ષુઓ





-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ .......... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) અશુભ ભાવ, શુભ ભાવ, શુદ્ધ ભાવ .......... ........................ પૂ.શ્રી આત્માનંદજી ..... ૬

(૩) સ્વાધ્યાય છે એક સેતુ ... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૦

(૪) સમાધિતંત્ર - અમૃતરસપાન ................. ..................... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૩

(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન...પૂજ્ય બહેનશ્રી .. ૧૬

(૬) શ્રી આનંદઘન ચોવીશી ... શ્રી અશોકભાઈ શાહ .... ૧૮

(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૩

(૮) અંતરચારિત્ર ગુરુરાજનું . શ્રી વસુમતીબેન શાહ .... ૨૯

(૯) સૌની આરોગ્ય સેવાને સમર્પિત સંસ્થાનું મેડિકલ સેન્ટર .................................. ૩૨

(૧૦) જીવનકળા : દિવાળી પુસ્તિકા .................... ૩૩

(૧૧) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૫



**વર્ષ : ૪૦ સપ્ટેમ્બર, ૨૦૧૬ અંક - ૯**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોનઃ (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank** : Kotak Mahindra Bank

**Branch** : Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No.** : 08390020000044 • **IFS Code** : KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

### હે પરમકૃપાળુદેવ !

'ક્ષમાપના'ના પાઠમાં અમે દરરોજ બોલીએ છીએ કે, "હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધા નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં."

એનું કારણ એ છે કે, જીવનમાં અમારે જે કરવા યોગ્ય હતું તે કર્યું નહીં અને તેને વિસ્મૃત જ કર્યા કર્યું. એનું પરિણામ અનંત-સંસારની વિટંબનામાં પરિણમ્યું છે. અમારી આ દશા જોઈ નિષ્કારણ કરુણાશીલ એવા આપ પ્રભુએ કહેવું પડ્યું છે કે, "આત્મહેતુભૂત એવા સંગ વિના, સર્વસંગ મુમુક્ષુજીવે સંક્ષેપ કરવા ઘટે છે, તે વિના પરમાર્થ આવિર્ભાવ થવો કઠણ છે." કારણ કે સર્વસંગ મોટા આસ્રવ છે, અને ક્ષણવારમાં આત્માનું વિસ્મરણ કરાવે છે.

પરમાર્થમાર્ગમાં આગળ વધવાની તો અમને ઇચ્છા છે જ, પરંતુ આપની આ વાતનું અમે યથાતથ્ય પાલન કરી શકતા નથી ત્યારે અમને પસ્તાવો પણ થાય છે. પશ્ચાત્તાપ કરવા સિવાય અમે બીજું કરી પણ શું શકીએ ? અજાણતામાં ભૂલ થાય તો તે ક્ષમ્ય ગણાય, પરંતુ જાણવા છતાં પણ ભૂલ થયા કરતી હોય તો તે માટે માફી માગવાને અમે લાયક પણ નથી ! કારણ કે -


"રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ ! આપશ્રી તો પણ અરે !
દીવો લઈ કૂવે પડ્યો, ધિક્કાર છે મુજને ખરે."

પ્રાયશ્ચિત્ત સિવાય બીજો કોઈ માર્ગ અમને દેખાતો પણ નથી. તેથી હવે હું આપને વિનંતી કરું છું કે આપના અમૂલ્ય વચનોને લક્ષ્યમાં લઈ શકું, પરમાર્થમાર્ગમાં આગળ વધી શકું અને મારું હિત સાધી શકું એવા આશીર્વાદ આપશો.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



**પત્રાંક - ૪૫૩**

**મુંબઈ, પ્રથમ અસાડ વદ ૩, રવિ, ૧૯૪૯**

મુમુક્ષુજનના પરમબંધવ, પરમસ્નેહી શ્રી સોભાગ્ય, મોરબી.

અત્રે સમાધિનો યથાયોગ્ય અવકાશ નથી. હાલ કોઈ પૂર્વોપાર્જિત પ્રારબ્ધ એવા ઉદયમાં વર્તે છે.

ગઈ સાલના માર્ગશીર્ષ માસમાં અત્રે આવવું થયું, ત્યારથી ઉત્તરોત્તર ઉપાધિયોગ વિશેષાકાર થતો આવ્યો છે, અને ઘણું કરી તે ઉપાધિયોગ વિશેષ પ્રકારે કરી ઉપયોગથી વેદવો પડ્યો છે.

આ કાળ સ્વભાવે કરી તીર્થંકરાદિકે દુષમ કહ્યો છે. તેમાં વિશેષ કરી પ્રયોગે અનાર્યપણાયોગ્ય થયેલાં એવાં, આવાં ક્ષેત્રો વિષે તે કાળ બળવાનપણે વર્તે છે. લોકોની આત્મપ્રત્યયયોગ્ય બુદ્ધિ અત્યંત હણાઈ જવા યોગ્ય થઈ છે, એવા સર્વ પ્રકારના દુષમયોગને વિષે વ્યવહાર કરતાં પરમાર્થનું વીસરવું અત્યંત સુલભ છે. અને પરમાર્થનું અવીસરવું અત્યંત અત્યંત દુર્લભ છે. આનંદઘનજીએ ચૌદમા જિનના સ્તવનને વિષે કહ્યું છે, તેમાં આવા ક્ષેત્રનું દુષમપણું એટલી વિશેષતા છે; અને આનંદઘનજીના કાળ કરતાં વર્તમાનકાળ વિશેષ દુષમપરિણામી વર્તે છે; તેમાં જો કોઈ આત્મપ્રત્યયી પુરુષને બચવા યોગ્ય ઉપાય હોય તો તે એકમાત્ર નિરંતર અવિચ્છિન્ન ધારાએ સત્સંગનું ઉપાસવું એ જ જણાય છે.

પ્રાયે સર્વ કામના પ્રત્યે ઉદાસીનપણું છે, એવા અમને પણ આ સર્વ વ્યવહાર અને કાળાદિ ગળકાં ખાતાં ખાતાં સંસારસમુદ્ર માંડ તરવા દે છે, તથાપિ સમયે સમયે તે પરિશ્રમનો અત્યંત પ્રસ્વેદ ઉત્પન્ન થયા કરે છે; અને ઉતાપ ઉત્પન્ન થઈ સત્સંગરૂપ જળની તૃષા અત્યંતપણે રહ્યા કરે છે; અને એ જ દુઃખ લાગ્યા કરે છે.

એમ છતાં પણ આવો વ્યવહાર ભજતાં દ્વેષપરિણામ તે પ્રત્યે કરવા યોગ્ય નથી; એવો જે સર્વ જ્ઞાનીપુરુષોનો અભિપ્રાય તે, તે વ્યવહાર પ્રાયે સમતાપણે કરાવે છે. આત્મા તેને વિષે જાણે કંઈ કરતો નથી, એમ લાગ્યા કરે છે.

આ જે ઉપાધિ ઉદયવર્તી છે, તે સર્વ પ્રકારે કષ્ટરૂપ છે, એમ પણ વિચારતાં લાગતું નથી. પૂર્વોપાર્જિત પ્રારબ્ધ જે વડે શાંત થાય છે, તે ઉપાધિ પરિણામે આત્મપ્રત્યયી કહેવા યોગ્ય છે.

મનમાં એમ ને એમ રહ્યા કરે છે કે અલ્પકાળમાં આ ઉપાધિયોગ મટી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થાય તો વધારે યોગ્ય છે, તથાપિ તે વાત અલ્પ કાળમાં બને એવું સૂઝતું નથી, અને જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી તે ચિંતના મટવી સંભવતી નથી.

બીજો બધો વ્યવહાર વર્તમાનમાં જ મૂકી દીધો હોય તો તે બને એવું છે. બે ત્રણ ઉદય વ્યવહાર એવા છે કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય એવા છે; અને કષ્ટે પણ તે વિશેષકાળની સ્થિતિમાંથી અલ્પકાળમાં વેદી શકાય નહીં એવા છે; અને તે કારણે કરી મૂર્ખની પેઠે આ વ્યવહાર ભજ્યા કરીએ છીએ.

**(અનુસંધાન પાના નં. ૧૨ પર...)**

# અશુભ ભાવ, શુભ ભાવ, શુદ્ધ ભાવ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



આપણે જે કાળમાં દેહધારણ કર્યો છે તે કાળને મહાવીર ભગવાને દુષમકાળ કહ્યો છે તથા મહર્ષિ વ્યાસ તેને કળિકાળ કહે છે. પણ અત્યારે આપણા પુણ્યનો એટલો ઉદય છે કે ભગવાને કહેલા ધર્મને જો આપણે ભાવીએ, ધારણ કરીએ તો આ કાળમાં પણ પૂર્ણ મોક્ષનું રજિસ્ટ્રેશન થઈ જાય. સંતો એટલે જ કહે છે કે હે ભગવાન ! હે સદ્‌ગુરુદેવ ! ભલે આ કળિકાળ હોય, પણ અમને તો આપ મળ્યા એટલે અમારે તો આ ચોથો આરો છે. આ કાળે મોટું તપ, બહુ મોટો સંયમ એટલે કે વનમાં રહીને તપસ્યા કરી શકીએ એવું નથી. આ કાળે ઉત્તમતપ સ્વાધ્યાય છે અને તે સદ્‌ગુરુ, સંતોના ચરણકમળને વિશે રહીને કરીએ તો તે સાચો સ્વાધ્યાય છે. સ્વાધ્યાયને ગુરુબોધ કહે છે. ગુરુના મુખારવિંદથી સત્યને સમજો. જો આપણી પાત્રતા હશે, અંતરંગ પ્રામાણિકતા હશે તો ઉત્તમ ફળની પ્રાપ્તિ થશે. આ સ્વાધ્યાય પાંચ પ્રકારે થાય છે - વાંચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ.

આપણે અત્યારે દેહરૂપી જેલમાં કેદ છીએ. આયુષ્ય પૂરું થાય તે પછી એક સેકન્ડ પણ આ જેલમાં રહેવા મળે નહીં. જો સારા ભાવ કરવા હોય તો શરીરનું પણ તેના અનુરૂપ પ્રવર્તન થાય તેવું આયોજન કરવું જોઈએ. શરીર, વાણી અને ભાવ તે ત્રણેયથી કર્મ બંધાય છે. મુખ્ય બંધ તે 'ભાવ'થી એટલે વિચારથી થાય છે. જે જીવ જે સમયે જેવો 'ભાવ' કરે તે સમયે તે જીવ તદ્‌રૂપ થાય છે એમ શ્રી પ્રવચનસાર પરમાગમમાં અપ્રમત્ત યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્યે ગાથા -૮માં કહ્યું છે. માટે જે અશુભ ક્રિયા, અશુભ ભાવ કરે છે તે વખતે તે આત્મા અશુભરૂપ છે. જે આત્મા શુભભાવ, શુભક્રિયા કરે તે વખતે તે આત્મા શુભરૂપ છે અને જે આત્મા શુભ કે અશુભ કોઈ પણ પ્રકારનો ભાવ ન કરતાં સમતાભાવમાં પ્રવર્તે તે શુદ્ધ ભાવવાળા જીવને કર્મોની હાનિ થાય છે - કર્મો બળી જાય છે. તે આત્મા તે વખતે પોતાની સમાધિનો તરતમતાના પ્રમાણમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે. તો જ મુનિજનો એવા પરિષહોની વચ્ચે રહી શકે. આહારની ખબર નથી, ઔષધની ખબર નથી, વસ્ત્ર નથી, સેવા કરનાર નથી, વાઘ આવે કે સિંહ આવે, કોઈ રાજા આવીને વંદન કરે કે શત્રુ આવીને શસ્ત્રથી પ્રહાર કરે તો પણ તેઓ સમભાવમાં રહે છે. આપણે આવું કરી ન શકીએ પણ તેવી ભાવના તો કરી જ શકીએ અને થોડા અંશે તેવા બની પણ શકીએ. આવા મુનિની દશાનું વર્ણન કરતાં 'શ્રી સમયસાર નાટક'માં શ્રી બનારસીદાસજી કહે છે કે,

"ભેદવિજ્ઞાન જગ્યો જિન કે ઘટ,
શીતલ ચિત્ત ભયો જિમ ચંદન;
કેલી કરે શિવમારગ મેં,
જગ માંહિ જિનેશ્વર કે લઘુનંદન;
સત્ય સ્વરૂપ સદા જિન કે,
પ્રગટ્યો અવદાત મિથ્યાત્વ નિકંદન,
શાંત દશા તિન કી પહિચાની,
કરે કર જોડી બનારસી વંદન."

### અશુભ ભાવનો ત્યાગ, શુભ ભાવનું ગ્રહણ

મોટા પાપ એટલે સાત વ્યસનો કરવા નહીં. 'શ્રી સમયસાર નાટક'માં શ્રી બનારસીદાસે તેનું વર્ણન કરતાં કહ્યું છે કે,

"જુઆ, આમિષ, મદિરા, દારી,
આહેટક, ચોરી, પરનારી;
યે હી સપ્ત વ્યસન દુઃખદાયી,
દુરિત મૂલ દુર્ગતિ કે જાઈ."

જેનાથી મોટી હિંસા થાય તેવો આહાર કરવો નહિ. માંસાહારની પ્રાપ્તિ હાલીચાલી શકે તેવા જીવોને માર્યા વિના થતી નથી. કોઈ કહે કે અમે તો મરેલાં પ્રાણીનું માંસ ખાઈએ છીએ ! તે પ્રાણીને કોઈએ માર્યું નથી તેનું શું તમારી પાસે પ્રમાણપત્ર છે ? તથા મરેલા પ્રાણીમાં પણ સમયે - સમયે અનેક જીવોની ઉત્પત્તિ થાય છે. માટે તેને ખાવાનો પણ ઘણો મોટો દોષ, મોટું પાપ છે. સજ્જન પુરુષોએ શેરબજારનો સટ્ટો પણ ન રમવો જોઈએ. જોકે શ્રાવકને અર્થરૂપી પુરુષાર્થ છે પણ તે નીતિ-નિયમપૂર્વકનો હોવો જોઈએ. પુણ્યભાવ દ્વારા પુણ્ય કરવું હોય તો તેના માટે આપણું જીવન પણ પુનિત થવું જોઈએ. મોટા પાપ કરીને કોઈ કહે કે હું તો જ્ઞાની છું, મને બંધ થતો નથી તો એ વાત આત્મઘાતક છે. પાપ કરે અને પાપ ન બંધાય તેવું ત્રણકાળમાં ન બને. તો પછી કોઈ કહે કે આ 'સમયસાર'માં કહ્યું છે કે જ્ઞાનીને કર્મ ન બંધાય તે કેવી રીતે ? તો ભાઈ, તેને ગુરુગમથી સમજવું. શ્રી સમયસાર ગ્રંથ વાંચવાને હજુ તું યોગ્ય નથી. તે ગ્રંથ મહાન પરમ અપ્રમત્ત યોગીશ્વરે લખ્યો છે એટલે પરમ સત્ય છે, પરંતુ તારી બુદ્ધિ, તારું જીવન તેને યથાર્થ ગ્રહણ કરી શકે તેમ નથી. કોઈ બાળક કેરોસીન પીવે તો શું તેને પીવા દેવાય ? તો કે ના. તો બસ આ આવી જ વાત છે. પાપકર્મ શરીરથી કરે અને પાપ ન બંધાય એવું બને નહિ. શ્રી સમયસાર પરમાગમમાં સમ્યક્દૃષ્ટિને બંધ નથી કહ્યો તે બરાબર છે, પણ તે જેટલા જેટલા કષાયોનો અભાવ થયો હોય તેટલો - તેટલો તેમને બંધ થતો નથી એમ કહેવાનો અભિપ્રાય છે. અનંતાનુબંધી આદિ કષાયોના અભાવમાં જે કર્મ બંધાય તે હલકા હોય છે એમ તેઓ કહેવા માગે છે. સમ્યક્ત્વ થયા પછી તેઓ તે સમ્યક્દૃષ્ટિ ધર્માત્માને સંયમગ્રહણ માટે આજ્ઞા કરે છે કે, તારી શક્તિ પ્રમાણે સકળસંયમ કે એકદેશ સંયમ ગ્રહણ કર; જેને શ્રાવકના વ્રત કહે છે. સકળ સંયમને મુનિના વ્રત કહે છે. પોતે પણ ગુરુ પાસે ૧૦ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. તેમની પાસે આગલા ભવની આરાધનાની મોટી કમાણી હતી. જો કે પુણ્ય તે આપણું ધ્યેય નથી પણ પુણ્ય સહકારી છે. એકલા પુણ્યથી મોક્ષે જઈ શકીએ નહિ, પણ પુણ્ય વિના પણ મોક્ષે જવાય નહીં. મનુષ્યભવ, વજ્રઋષભનારાચ આદિ સંહનન, ઉત્તમ કુળમાં જન્મ, સદ્‌ગુરુનો યોગ, આજીવિકાનું સાધન, પરિવારની અનુકૂળતા અથવા સંઘની અનુકૂળતા એ બધું ન હોય તો આપણે વિશેષ ધર્મ કરી શકતાં નથી. માટે ચારિત્રમાં પુણ્ય ઉપાદેય છે અને શ્રદ્ધામાં હેય છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે કે દીર્ઘકાળ સુધી યથાર્થ બોધનો પરિચય થવાથી બોધબીજની પ્રાપ્તિ હોય છે અને તે બોધબીજ પ્રાયે નિશ્ચય સમ્યક્ત્વ હોય છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે ૩૩ વર્ષ સુધી ગુરુના ચરણ સેવ્યા. ૪૪ વર્ષે ગુરુએ જ્યારે એમને આચાર્યપદ લેવાનું કહ્યું ત્યારે પોતે વિનંતી કરે છે કે ભગવાન, મારે આચાર્યપદ નથી જોઈતું, મારે તો આપના ચરણોની સેવા અને આપનો બોધ જ જોઈએ છે, પરંતુ ગુરુની આજ્ઞા થઈ કે હવે તમે પૂર્ણ પરિપક્વ છો, હજારો મનુષ્યોને ઉત્તમ ધર્મ પમાડી શકો તેવી તમારી પવિત્રતા પણ છે અને તમારું પુણ્ય પણ છે માટે અમારી આજ્ઞા છે કે તમે સ્વતંત્ર સ્વાધીનપણે વિચરણ કરો અને તમારી સમાધિની વૃદ્ધિ કરો, હજારો લોકોને ધર્મનો માર્ગ પમાડો. તેમણે ૭૦૦ ભવ્યોને મુનિદીક્ષા આપી, હજારો મનુષ્યોને તેમની યોગ્યતા પ્રમાણે નિયમ-વ્રત આપ્યા, હજારો લોકોને સ્વાધ્યાય આપી આત્મતત્ત્વની શ્રદ્ધા કરાવી. વિ.સં. ૫માં તેમનો જન્મ થયો હતો અને ૯૫ વર્ષ ૧૦ મહિના અને ૧૫ દિવસનું તેમનું આયુષ્ય હતું. તેઓ અલૌકિક મહાપુરુષ હતા એટલે તેમને બહુ ઉચ્ચ પ્રકારનું સમાધિમરણ થયું હતું. આપણે પણ સુગતિમરણ અવશ્ય કરી શકીએ, અને

કદાચ સમાધિમરણ પણ આપણને થઈ શકે, પરંતુ એમના જેવું ન હોય કારણ કે આપણી એટલી લાયકાત નથી. તેઓ તો એક દિવસમાં અનેકવાર આત્માના અતીન્દ્રિય આનંદની અનુભૂતિ કરતા હતા. 'શ્રી રયણસાર'માં તેમણે મુનિ માટે કહેલી ભગવાનની બે આજ્ઞાઓ ૧. ધ્યાન, ૨. સ્વાધ્યાય તથા શ્રાવક માટેની બે આજ્ઞાઓ ૧. ભગવાનની પૂજા અને ભક્તિ દરરોજ ભાવપૂર્વક કરવી તથા ૨. દાન કરવામાં ઉત્સાહિત થઈ ભક્તિપૂર્વક પ્રવર્તન કરવું. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે,

"શુભ શીતળતામય છાંય રહી,
મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરુ કલ્પ અહો,
ભજીને ભગવંત ભવંત લહો."

ગૌતમસ્વામીથી લઈને વર્તમાનમાં થયેલા બધા આચાર્યોએ ભગવાનની ભક્તિ કરી છે. ગુરુની સેવા-ઉપાસના કરીને તેમની પણ ભક્તિ કરી છે. નિયમિત સ્વાધ્યાય કરવો, ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી - તેને બહેકાવવી નહીં, સંયમ રાખવો, ઇચ્છાઓનો નિરોધ કરીને તપ કરવું, ગૃહસ્થ અવસ્થામાં ચારે પ્રકારના દાન આપવા અને જ્યારે આચાર્ય કે મુનિ થાય ત્યારે જ્ઞાનદાન અને અભયદાન દેવું. આવું દરેક વિવેકી સજ્જને કરવું તો તેને "Peace of mind and bliss of soul" એટલે કે મનની શાંતિ અને આત્માનો આનંદ પ્રાપ્ત થઈ જાય (પ્રગટી જાય).

તું જેને શોધી રહ્યો છે તે તારા અંતરમાં જ છે એમ ગુરુ ભગવંત કહે છે,

કબીર હદ કા ગુરુ મિલે, બેહદ કા ગુરુ નાહિ,
બેહદ આપે ઊપજે, અનુભવ કે ઘર માંહી.
જીવ જ પોતાને કરે, જન્મ તથા નિર્વાણ,
તેથી નિજ ગુરુ નિશ્ચયે, જીવ જ અન્ય ન જાણ.

સત્સંગની ઉપાસના કરવી, શ્રી સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે અવશ્ય ૧૫ મિનિટ કે ૩૦ મિનિટ દરરોજ સત્શાસ્ત્રોનું વાંચન કરવું. સંયમ, તપ, દાન તેમાં પ્રવર્તવું. બીક રાખવી નહીં કે દાન આપીએ તો આપણા પૈસા ખલાસ થઈ જાય તો આપણું શું થાય ? ભગવાને તેનું મોટું વિજ્ઞાન કહ્યું છે કે અલ્પ પણ દાન સમજણપૂર્વક, ભગવાનની આજ્ઞા પ્રમાણે કરે તો તેનું ફળ કોઈને બસો ગણું, એક હજાર ગણું, લાખ કે કરોડ ગણું મળે. તારા ૧ રૂપિયાના દાનના કરોડ રૂપિયા મળે ! તમારે ત્યાં આવી ગણતરી ચાલતી નથી પણ ભગવાને તેનું વિસ્તારથી વર્ણન કર્યું છે. 'શ્રી તત્ત્વાર્થ સૂત્ર'માં શ્રી ઉમાસ્વામી ભગવાને દાન માટે બે સૂત્ર મૂક્યા છે, જેમાં પહેલું છે,

अनुग्रहार्थं स्वस्य अतिसर्गो दानं ।

પોતાના આત્માનું કલ્યાણ થાય અને બીજા આત્માઓને પણ શાતા મળે એ માટે કહેવાતી પોતાની વસ્તુઓને આપવી તેને ભગવાન દાન કહે છે. બીજા સૂત્રમાં કહે છે કે

विधि दातृ पात्र विशेषात् तद् विशेषः ।

વિધિપૂર્વક દાન કરવું, યોગ્ય દ્રવ્યનું દાન કરવું, દાતાના ગુણોને અંતરમાં ગ્રહણ કરીને દાન કરવું અને સુપાત્રે દાન કરવું તો તે દાનનું ફળ સો, હજાર, લાખ કે કરોડ ગણું ભાવાનુસાર મળે. કથાનુયોગમાં એમ આવે છે કે શ્રી કુંદકુંદાચાર્યે આગલા ભવમાં મુનિ મહારાજને શાસ્ત્ર વહોરાવ્યું હતું. ત્યારે તેઓ ગોવાળ હતા. તે દાનના પુણ્યથી તેઓ નગરશેઠના પુત્ર બન્યા. મહાન શ્રી આચાર્ય બની અનેક શાસ્ત્રોની તેમણે રચના કરી. શાલિભદ્રજીએ પણ આગલા ભવમાં મુનિ મહારાજને ખીર વહોરાવી હતી, જેના પુણ્યફળે આવતા ભવમાં વૈભવ પામ્યા. માટે આપણે પણ આવા દાનધર્મમાં ભક્તિપૂર્વક પ્રવર્તન કરવું જોઈએ તથા પોતાના જીવનને ન્યારું, પ્યારું, સુગંધિત અને પવિત્ર બનાવી જલદી મોક્ષમાર્ગ, રત્નત્રયધર્મ, આત્મજ્ઞાન, આત્મસમાધિને પામી આ જીવનમાં પણ આનંદનો અનુભવ કરીએ. ત્યાગી માટે અત્યારે સ્વર્ગમાં જવું ફરજિયાત છે. તેને ત્યાં જવાની ઇચ્છા નથી, માત્ર

જવું પડે છે એટલે જાય છે. પરંતુ પૂર્ણ મોક્ષ ન થાય અને સમ્યક્ત્વ હોય તો જવું જ પડે; પણ જો કોઈનું સમ્યક્ત્વ વમન થઈ ગયું હોય તો અજ્ઞાન અવસ્થામાં તેને આયુષ્ય કર્મનો બંધ થાય તો તે ચારેગતિઓમાંથી કોઈ પણ ગતિમાં જઈ શકે છે. શ્રેણિક મહારાજે સમ્યક્ત્વ થયું તે પહેલા સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું હતું. તેમને ક્ષાયિક સમ્યક્ત્વ હતું તો પણ પૂર્વબદ્ધ આયુ ભોગવવા માટે નરકમાં જવું પડ્યું. પરંતુ ઉત્તમ શુભ ભાવો કર્યા તો સાતમી નરકમાંથી પહેલી નરકમાં આવી ગયા અને માત્ર ૮૪ હજાર વર્ષ જ તેમને નરકમાં રહેવું પડશે. આ બધું પ્રથમાનુયોગના શાસ્ત્રમાં આવે છે તથા સત્ય છે, પણ તે ગુરુગમથી અને પોતાની પાત્રતાથી સમજાય છે. બંધ માત્ર બહારની ક્રિયા પ્રમાણે થતો નથી, બંધ તો બંધના નિયમો પ્રમાણે થાય છે, પણ અશુભભાવ સામાન્ય રીતે અશુભક્રિયા સાથે જોડાયેલો છે. જ્ઞાની હોય અને યુદ્ધાદિ કરે તો તેમને બંધ તો થાય છે, પરંતુ અંદરમાં જ્ઞાન હોવાને લીધે તે બંધ મર્યાદિત થાય છે. આચાર્ય મહારાજ પ્રવચન આપે ત્યારે પુણ્યાનુબંધી પુણ્ય, સંવર અને નિર્જરા ત્રણેય થાય છે. કારણ કે જો તમારે એકલા સંવર-નિર્જરા જ જોઈતા હોય તો સમાધિમાં જ રહો, સ્વાધ્યાયાદિ કરશો નહીં. જો એવો ભાવ થાય કે લોકોનું કલ્યાણ થાઓ, શિષ્યોને આત્મજ્ઞાન આદિ કે વિશેષ સમાધિની પ્રાપ્તિ થાઓ એવા જો વિકલ્પ થાય તો ત્યાં ઉત્કૃષ્ટ પુણ્ય બંધાય છે. એમાં તેમનું કાંઈ ચાલતું નથી. શુદ્ધભાવ અત્યારે સમર્યાદિત છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ પત્રાંક ૬૨માં કહ્યું છે,

"આ કાળમાં રૂપાતીત સુધી ધર્મધ્યાનની પ્રાપ્તિ કેટલાક સત્પુરુષોને સ્વભાવે, કેટલાકને સદ્‌ગુરુરૂપ નિરૂપમ નિમિત્તથી અને કેટલાકને સત્સંગ આદિ લઈ અનેક સાધનોથી થઈ શકે છે; પણ તેવા પુરુષો-નિર્ગ્રંથમતના - લાખોમાં પણ કોઈક જ નીકળી શકે છે. ઘણે ભાગે તે સત્પુરુષો ત્યાગી થઈ, એકાંત ભૂમિકામાં વાસ કરે છે, કેટલાક બાહ્ય અત્યાગને લીધે સંસારમાં રહ્યા છતાં સંસારીપણું જ દર્શાવે છે."

આ પ્રમાણે અપવાદમાર્ગનું પણ નિરૂપણ કર્યું છે. આમ, 'ભાવ'એ બંધ તથા મોક્ષનું મુખ્ય કારણ છે, છતાં એકલો ભાવ જ તેનું કારણ નથી પણ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચેય કારણો શ્રી ઉમાસ્વામી ભગવાને શ્રી તત્ત્વાર્થસૂત્રમાં બતાવ્યા છે. તેમાં શ્રી ભગવાન પણ કાંઈ ફેરફાર કરી શકે નહિં. ભગવાન ધર્મ બનાવતા નથી પરંતુ ધર્મ બતાવે છે, શીખવાડે છે. વર્તમાન ચોવીસીમાં શ્રી ઋષભદેવ ભગવાનથી શ્રી મહાવીર સ્વામી તથા વર્તમાનમાં વિદેહક્ષેત્રે શ્રી સીમંધર સ્વામી આદિ ૨૦ તીર્થંકરો તથા ભૂતકાળમાં થયેલા અને ભવિષ્યમાં થનારા અનંતાનંત તીર્થંકરો પણ આ જ માર્ગ બતાવશે. શ્રી કુંદકુંદાચાર્યે પ્રવચનસારની ગાથા - ૭માં કહ્યું છે,

"ચારિત્ર છે તે ધર્મ છે ને ધર્મ છે તે સામ્ય છે,
ને સામ્ય જીવનો, મોહક્ષોભ વિહીન નિજ પરિણામ છે."

શુભભાવ કરવો, પણ લક્ષ આત્માનો રાખવો. જ્ઞાની ધર્માત્મા શુભાશુભ ભાવો કરતાં પણ વચ્ચે શુદ્ધનો લક્ષ કરે છે - એવી એમની પાસે ભેદજ્ઞાનની એક દિવ્યકળા પ્રાપ્ત છે, જે મોહગ્રંથિનો ભેદ થવાથી પ્રાપ્ત થઈ છે અને ગુરુગમથી તે વ્યવહારથી પ્રાપ્ત થાય છે. જે ન સમજી શકાય એમ હોય તેને ભગવાને જે કેવળજ્ઞાનમાં જોયું તે સત્ય છે, મારે માન્ય છે આવું અંતરંગથી માને તો તેને અલ્પકાળમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ જાય. નિશ્ચયનયને શ્રદ્ધામાં મુખ્ય કરવો અને સાથે વ્યવહારનયને યથાપદવી ગ્રહણ કરવો. નિશ્ચય અને વ્યવહારનય બેમાંથી કોઈને કોઈ વિરોધ નથી, એ જ ભગવાનનું સ્યાદ્‌વાદરૂપી અમોઘશસ્ત્ર છે. જેને વિરોધ લાગે તેની બુદ્ધિમાં વિરોધ છે. ભગવાનની વાણીમાં ક્યાંય વિરોધ નથી. આમ જાણીને અશુભ ભાવોનો ત્યાગ કરી વીતરાગતાના લક્ષે શુભભાવોને સાધવાનો અભ્યાસ કરવો. ધીરે ધીરે યોગ્યતા વધતા શુદ્ધભાવોની પ્રાપ્તિ પણ થઈ જશે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

પરમનો સ્પર્શ - ૮૦

# સ્વાધ્યાય છે એક સેતુ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

વર્તમાન યુગનો સૌથી ભયાવહ રોગ માનવીની વ્યસ્તતા છે. આ વ્યસ્તતા સાથે વ્યક્તિની શારીરિક વ્યાધિ અને માનસિક બીમારી પ્રગાઢપણે જોડાયેલા છે, પણ એથીયે વિશેષ વ્યસ્તતા એ આધ્યાત્મિકતાના સંદર્ભમાં સાધકને માટે જીવલેણ મહાબીમારી છે. વ્યસ્ત વ્યક્તિ સતત કામમાં ડૂબેલી રહેતી હોય છે. અંગ્રેજીમાં આવી વ્યક્તિને 'વર્કોહોલિક' કહીએ છીએ કે જે જીવનમાં સતત કામની પાછળ દોડતી હોય. આવી કામની પાછળ દોડતી વ્યક્તિ એ ફરિયાદ કરતી રહેશે કે, "એને માથે કામનો એટલો બધો બોજ છે કે મરવાનો ય સમય નથી." અને સાચે જ જેની પાસે સાચી રીતે અને શાંતિથી જીવવાનો સમય ન હોય, એની પાસે વળી મરવાનો સમય તો ક્યાંથી હોય ? આ પ્રકારની વ્યક્તિ કામના બોજાની સતત ફરિયાદ કરશે. ક્યારેક તો જે કામ બીજા દ્વારા થઈ શકે તેવાં કામ પણ દોડીને જાતે કરી લેવાનો ઉત્સાહ દાખવશે.

તમે જ્ઞાતિમંડળો કે સંસ્થાઓના એવા મોવડીઓ જોયા હશે કે જેઓ બધાં જ કામ પોતાના માથે રાખીને દોડતા હોય અને પછી આટલાં બધાં કામ કરીને પોતે થાકીને લોથપોથ થઈ ગયા, એમ કહીને પોતાનું મહત્ત્વ સિદ્ધ કરતા હોય છે. કોઈ આગેવાન તો તમને એમ કહેશે કે 'હવે તો આ લોકસેવાનો એટલો બધો થાક લાગ્યો છે કે નિવૃત્તિ લઈ નિરાંતે આરામ કરું.' પરંતુ આમ કહેતી વખતે એમના મનમાં એવી સ્પષ્ટ ધારણા હોય છે કે સભામાંથી કોઈને કોઈ એમ કહેશે કે "તમે નિવૃત્તિ લેશો તો આ મંડળ કે સંસ્થાનું શું થશે ? આ બધું પડી ભાંગશે, તમારા વિના તો નહીં જ ચાલે." પેલી વ્યક્તિ આવું સાંભળીને પોતાના અહંકારની ભૂખ છીપાવવા માગતી હોય છે. આમ, અતિ વ્યસ્તતાની ફરિયાદ કરનારા વાસ્તવમાં વ્યસ્ત હોતા નથી. પણ એમણે બીજાં કામોની સાથોસાથ સતત વ્યસ્ત રહેવાનું કામ પણ પોતાને શિરે લીધું છે. પોતાની જાતને થકવીને, બીમાર થઈને પણ સમાજનું કામ કરનારી વ્યક્તિઓ એમની વ્યસ્તતા પાછળ એમની વિશેષતા પૂરવાર કરવા માગતી હોય છે.

વ્યસ્તતાનો આવેશ, અકળામણ અને ગુસ્સા સાથે પ્રગાઢ સંબંધ છે. એ વ્યક્તિ કામ કરતાં કરતાં ગુસ્સે થઈ જશે, આવેશમાં આવીને બૂમો પાડવા લાગશે, અકળામણો અનુભવવા લાગશે અને એ રીતે એની અતિ વ્યસ્તતા એના જીવનમાં 'સ્ટ્રેસ'ની નવી માનસિક બીમારી સર્જશે. આવી વ્યક્તિ કેટલાં કામ કરવાના બાકી છે તે ગણાવવામાં અતિ નિપુણ હોય છે. એ કામ કરતી વખતે વચ્ચે-વચ્ચે બાકી રહેલાં કામોની યાદી આપીને સ્વગૌરવ કરતી હોય છે.

કોઈ વડીલ અકળાઈને એમ કહેતા હોય છે કે "આવતીકાલે સવારે લગ્ન છે અને આટલાં આટલાં કામ કરવાના બાકી છે." આમ, બાકી કામોનો સરવાળો મૂકીને એ એમની વ્યસ્તતા, મહત્તા અને કાર્યકુશળતા સિદ્ધ કરવા માગે છે. કેટલાકને તો દોડધામ કરવાની મજા આવે છે. હજી પ્રવાસે આવીને બેગ મૂકે, ત્યાં જ વળી પાછા બીજા પ્રવાસે જવાની તૈયારી કરે છે અને આની પાછળ પોતે લોકસેવા માટે કામ કરી રહ્યા હોય એવો દેખાવ કરે છે. હકીકતમાં એમને દોડધામ કરવાની

મજા આવે છે (ક્યારેક ઘરે રહેવું ગમતું હોતું નથી) અને એક અર્થમાં જોઈએ તો દોડધામ કરવી એ એમની આદત બની ગઈ હોય છે.

આવી વ્યસ્તતા ધરાવનાર એક પ્રપંચ ખેલાતો હોય છે. એનો હેતુ પોતાના અંતરના દ્વાર બંધ રાખીને બહાર દોડ્યા કરવાનો છે. બહાર દોડવાનું એને ગમે છે, કારણ કે એમાં એનો ગર્વ સંતોષાય છે, અહંકાર પોષાય છે અને સાથોસાથ એનું જીવન એમાં વ્યતીત થાય છે, આથી એ બહાર રહેવાની તમામ કોશિશ કરતો હોય છે.

વૅકેશન લઈને અઠવાડિયું દરિયાકિનારે રહેવા જનાર અતિ વ્યસ્ત માણસ એકાદ દિવસમાં અકળાઈ જશે. એને કામ વગર ગમશે નહીં અને પછી એ સહેલગાહના સ્થળે રહીને પણ ટેલિફોન મારફતે જુદાં જુદાં કામો કરતો રહેશે. આનું કારણ એ છે કે એને આરામ કરવાની કે એકલા રહેવાની કોઈ આદત જ નથી. એને તો કામ જોઈએ, પછી એ કામ મિત્ર સાથે ટોળટપ્પાં મારવાનું હોય કે સૌની સાથે મળીને ફરવા જવાનું હોય.

જેમ જેમ વ્યક્તિ વ્યસ્ત રહે છે, તેમ તેમ એ બહિર્મુખ રહે છે. જેમ જેમ એ બહિર્મુખ રહે છે, તેમ તેમ અંતર્મુખતા વિસરતો જાય છે. બીજા અર્થમાં કહીએ તો એ અતિ વ્યસ્ત રહીને પોતાના ભીતરને ભૂલવાનો પ્રબળ પુરુષાર્થ કરે છે. ક્યારેક અતિ મહત્ત્વકાંક્ષા કે આયોજનની અણઘડતા પણ વ્યક્તિને વ્યસ્ત રાખે છે. આમ, વ્યસ્તતાનું કારણ ગમે તે હોય, પણ એનાથી સૌથી મોટી હાનિ તો ભીતરને ભૂલી જવાની થતી હોય છે.

આથી "હું કોણ છું ?" નો જવાબ મેળવવા નીકળેલી વ્યક્તિએ પોતાના જીવનની ગતિનો તાગ મેળવવો જોઈએ અને એ જો તાગ મેળવે તો જ એને ખ્યાલ આવે કે એની દોડ છે બહાર ભણી છે કે જ્યાંથી અંતે એને કશું પ્રાપ્ત થવાનું નથી. 'પર' પ્રત્યેની દોડ એને 'સ્વ'થી વિમુખ બનાવે છે મહાયોગી આનંદઘનજીએ એમનાં પદોમાં અને શ્રીમદ્ રાજચંદ્રજીએ એમના ઉપદેશોમાં વારંવાર 'પર'ને છોડીને 'સ્વ'માં સ્થિર થવાનું કહ્યું છે.

આ આત્મપ્રદેશમાં જવા માટે સ્વાધ્યાય એ અત્યંત ઉપયોગી પ્રક્રિયા છે. આને માટે શાસ્ત્રોનું અધ્યયન ઉપયોગી બને છે; પરંતુ ગ્રંથો કહે છે કે પ્રતિષ્ઠા મેળવવા માટે ગ્રંથ-અધ્યયનનો આડંબર કરવો નહીં. ઘણી વ્યક્તિઓ મોટાં-મોટાં શાસ્ત્રોનું વાચન કરતી હોવાની વારંવાર વાત કરે છે. કેટલાક વક્તાઓ પોતાનાં વ્યાખ્યાનમાં મોટા-મોટા ગ્રંથોનાં નામનાં પોપટિયાં ઉચ્ચારણો કરી આપે છે; પરંતુ જો એ માત્ર 'સ્વ' જ્ઞાનના પ્રદર્શનના હેતુ માટે હોય, તો તે સ્વાધ્યાય નથી. તે તો અહંકાર પોષવાનું એક વિશેષ પરિબળ છે અને જ્ઞાની દેખાવાનો એક નિર્બળ પ્રયત્ન છે. ઘણી વ્યક્તિઓ પોતાની વાતમાં કે વક્તવ્યમાં ગ્રંથોના ધડાધડ ઉલ્લેખો આપતા રહે છે અને એની પાછળનું કારણ એમનું જ્ઞાન દર્શાવવાનું છે; પરંતુ જે સમયે શાસ્ત્રજ્ઞાન આડંબરનો વિષય બને છે, ત્યારે માત્ર બાહ્ય ક્રિયા બની રહે છે. એ જ્ઞાનનું અંતરમાં કોઈ રૂપાંતર થતું નથી અને પછી તો કોઈ ધનવાન જેમ એનો ધનવૈભવ દર્શાવવાનો પ્રયાસ કરતો હોય તેવો આ પ્રયાસ બની રહે છે.

એ જ રીતે જૈનદર્શન કહે છે કે પુણ્યની પ્રાપ્તિ માટે પણ ઝડપભેર શાસ્ત્ર વાંચવા નહીં. કેટલાક શાસ્ત્રો કે ધર્મગ્રંથો એને એનાથી મળનારા ફળ કે લાભની વાત કરે છે. આ લાભ કે ફળ શ્રોતા કે વાચકને માટે આકર્ષક લાગે તેવું હોય છે. મહાકવિ પ્રેમાનંદનાં આખ્યાનોમાં આખ્યાનના અંતે આ આખ્યાન વાંચવાથી કયા રોગનું નિવારણ થશે, એની વાત આવે છે. ઘણાં શાસ્ત્રો કે ગ્રંથો પણ આ શાસ્ત્રગ્રંથનું કે વ્યાખ્યાનનું અમુક વખત શ્રવણ

થાય તો સ્વર્ગની, મુક્તિની કે મોક્ષની પ્રાપ્તિની વાત કરતા હોય છે. આવા પ્રયોજનથી થયેલું વાચન એ સ્વાધ્યાય એ માટે નથી બનતો કે એમાં વ્યક્તિનું લક્ષ પોતાના ચિત્તમાં ઉચ્ચ વિચારો સ્થાપવા પ્રત્યે અથવા તો પોતાના ભીતરના ભાવપરિવર્તન પર કે પોતાની અધ્યાત્મસ્થિતિની ઉચ્ચતા પામવાના પ્રત્યે રહેતું નથી, કિંતુ માત્ર એના પ્રયોજન પર એની દૃષ્ટિ ઠરેલી હોય છે. આમ, સ્વાધ્યાયનું કેન્દ્ર પોતાનું ભીતર હોવું જોઈએ.

વ્યક્તિની 'સ્વ'માં વધુને વધુ રુચિ વધવી જોઈએ. નિજ તત્ત્વ પર વિશેષ ઝોક રહેવો જોઈએ. વળી, નિયમિતપણે સ્વાધ્યાય ચાલવો જોઈએ. હિંદુ ધર્મના ગ્રંથોમાં નિયમિત સ્વાધ્યાયનો મહિમા કરવામાં આવ્યો છે. જૈનદર્શનમાં પણ કહેવાયું છે કે સાધુએ દિવસનો અર્ધો ભાગ સ્વાધ્યાયમાં વ્યતીત કરવો જોઈએ. એનો મર્મ જ એ કે ગ્રંથોમાં રહેલું જ્ઞાન, હૃદયમાં પ્રગટ થવું જોઈએ. માત્ર ગ્રંથોના શ્લોકો યાદ રહે એટલું જ પૂરતું નથી; પરંતુ એ જીવનમાં કેટલા ઉપયોગમાં આવ્યા તેનો પણ વિચાર કરવો જોઈએ. એટલે કે સ્વાધ્યાય એ ગ્રંથના જ્ઞાનનો સંબંધ આપણા અંતર સાથે બાંધી આપે છે. એ ગ્રંથના વિચારો આપણા હૃદયમાં ઘૂંટાય છે અને એ ગ્રંથની ભાવનાઓનું ગુંજન કઈ રીતે પ્રગટે એનો સાધક સતત વિચાર કરે છે.

આ રીતે જુઓ તો બહાર ગ્રંથ અને ભીતરમાં હૃદય - એમ બંને વચ્ચેનો એક સેતુ સ્વાધ્યાયથી સર્જાય છે એટલે કે બહાર એક ક્રિયા થતી હોય અને એનું રૂપાંતર થઈને ભીતરમાં બીજી ક્રિયા થાય છે. સ્વાધ્યાય એ સ્વયં શબ્દસ્થને હૃદયસ્થ કરવાની સતત ચાલતી ક્રિયા અને પ્રક્રિયા છે. કોઈ એમ કહે કે સ્વાધ્યાયમાં ક્રિયા નથી તો તે મોટી ભૂલ કરે છે અથવા તો એની નજરે ક્રિયાનો અર્થ માત્ર બાહ્ય ક્રિયા છે. આંતરક્રિયાને એ ભૂલી જાય છે. હકીકતમાં આ બાહ્યમાંથી આંતર જગતમાં જવાની ક્રિયા છે, સફર છે અને એ ક્રિયા હોવાને કારણે જ સ્વાધ્યાય એટલે વાગોળવું, પૂછવું, વાંચવું જેવા ક્રિયાપદોથી એની વાત કરવામાં આવી છે. જેમાં માત્ર ક્રિયાપદો જ હોય, એ ક્રિયા તો હોય જ ને !

• • •

## શ્રી સદ્‌ગુરુપ્રસાદ

(પાના નં. ૫ પરથી ચાલુ...)

કોઈ દ્રવ્યમાં, કોઈ ક્ષેત્રમાં, કોઈ કાળમાં, કોઈ ભાવમાં સ્થિતિ થાય એવો પ્રસંગ જાણે ક્યાંય દેખાતો નથી. કેવળ સર્વ પ્રકારનું તેમાંથી અપ્રતિબદ્ધપણું જ યોગ્ય છે, તથાપિ નિવૃત્તિ ક્ષેત્ર, અને નિવૃત્તિ કાળને, સત્સંગને અને આત્મવિચારને વિષે અમને પ્રતિબદ્ધ રુચિ રહે છે. તે જોગ કોઈ પ્રકારે પણ જેમ બને તેમ થોડા કાળમાં થાય તે જ ચિંતનામાં અહોરાત્ર વર્તીએ છીએ.

આપના સમાગમની હાલમાં વિશેષ ઇચ્છા રહે છે, તથાપિ તે માટે કંઇ પ્રસંગ વિના યોગ ન કરવો એમ રાખવું પડ્યું છે. અને તે માટે બહુ વિક્ષેપ રહે છે.

તમને પણ ઉપાધિજોગ વર્તે છે. તે વિકટપણે વેદાય એવો છે, તથાપિ મૌનપણે સમતાથી તે વેદવો એવો નિશ્ચય રાખજો. તે કર્મ વેદવાથી અંતરાયનું બળ હળવું થશે.

શું લખીએ ? અને શું કહીએ ? એક આત્મવાર્તામાં જ અવિચ્છિન્ન કાળ વર્તે એવા તમારા જેવા પુરુષના સત્સંગના અમે દાસ છીએ. અત્યંત વિનયપણે અમારો ચરણ પ્રત્યયી નમસ્કાર સ્વીકારજો. એ જ વિનંતી.

દાસાનુદાસ રાયચંદના પ્રણામ વાંચજો.

• • •

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૩૯)

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

ચૈતન્ય તીર્થપતિ, ચૈતન્ય ગણધર, ચૈતન્ય ચક્રવર્તી સમા પરમકૃપાળુદેવની પત્રાંક - ૮૩૩માં ચૈતન્ય સરસ્વતીની વાક્‌ધારાના શબ્દો છે, "સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજ સ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર... જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિસ્વરૂપ ક્રાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજ સ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે... સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિન્ત્ય સુખસ્વરૂપ માત્ર એકાન્ત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ, શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમ શાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજ સ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું." નિજ સ્વરૂપના મહિમાનું ગુંજન આ પાવનશબ્દોમાં પ્રકાશિત થયું છે. પરમ મુમુક્ષુ આ વાક્‌ધારાના ચિંતનમાં પહોંચી તત્ત્વ પર એકાગ્ર થતાં અનુભવનું અમૃત પામી શકે છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય રચિત અધ્યાત્મ ગ્રંથ 'સમાધિતંત્ર'નું અમૃતપાન કરી રહ્યા છીએ. સમાધિની પ્રાપ્તિ કેમ થાય તેનું ઉત્તમ દિગ્‌દર્શન આ ગ્રંથમાં સર્વત્ર મળે છે. આપણે શ્લોક ત્રેવીસનો અભ્યાસ કર્યો. આચાર્યદેવે ફરમાવ્યું કે હું શુદ્ધ પરિપૂર્ણ આત્મા છું. નિજને નિજમાં નિજથી નિહાળું છું. હું પરિપૂર્ણ છું તેથી મારે સ્ત્રી, પુરુષ કે નપુંસક એવા લિંગો મને નથી. તથા એક, બે કે બહુ હું નથી. આ પ્રકારની ચિંતવના સ્વરૂપ એકાગ્રતામાં કાર્યકારી થાય છે. ખરેખર આત્મપદાર્થમાં એકાગ્રતા જેવી વિધિ નથી. અવિધિ સ્વરૂપ આત્મતત્ત્વ છે. શ્લોક ચોવીસના પૂર્વાર્ધમાં વિચાર્યું કે આત્મ-પરિજ્ઞાનના અભાવે હું સૂતો હતો. અજ્ઞાન નિદ્રામાં હતો. ફરીથી જાગૃત થયો. મને મારા નિજ સ્વરૂપનો વૈભવ વેદનમાં આવ્યો ત્યારે આત્મ તત્ત્વ તો અતીન્દ્રિય છે, અનિર્દેશ્ય છે, સ્વસંવેદનગમ્ય છે એવું થયું. આ ત્રિકાળ શુદ્ધ તત્ત્વને નમોનમઃ. શ્લોક ચોવીસમાં કહ્યું છે,

**यद् अभावे सुषुप्तोऽहं यद्भावे व्युत्थितः पुनः ।**
**अतीन्द्रियमनिर्देश्य तत्स्वसंवेद्यमस्म्यहम् ॥ २४ ॥**

શુદ્ધાત્મ સ્વરૂપના અભાવે હું અજ્ઞાનદશામાં નિદ્રાધીન-સૂતો હતો. શુદ્ધ સ્વરૂપનું ભાન થતાં હું જાગૃત થયો. તે આત્મસ્વરૂપ ઇન્દ્રિયો દ્વારા અગ્રાહ્ય છે, વચનોથી અગોચર છે તથા સ્વસંવેદનગમ્ય છે તે હું છું.

શ્રી પૂજ્યપાદ આચાર્ય દર્શિત કરે છે કે અંતરાત્મા વિચારે છે કે જે આત્મસ્વરૂપનો અનુભવ કરું છું તેનું સ્વરૂપ કેવું છે ? આચાર્યદેવે આત્મશ્રદ્ધાની દૃઢતા દર્શાવી છે. આત્મસ્વરૂપ સ્વગમ્ય છે. પોતાને અનુભવમાં આવે તેવું છે. અખંડ અનંત ગુણોનું ગોદામ તત્ત્વને શબ્દો દ્વારા કહેવું અસંભવ છે. જ્ઞાની પુરુષો ઈશારા માત્રથી બતાવે છે. આત્મા અને તેના ગુણ અમૂર્તિક છે. તેથી મૂર્તિક ઇન્દ્રિયો દ્વારા અગ્રાહ્ય છે. ઇન્દ્રિયથી ગ્રહણ થાય તે આત્મસ્વરૂપ કેમ હોઈ શકે ? કારણ કે ઇન્દ્રિયો પુદ્‌ગલ છે. તે દ્રવ્યના ગુણો રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ છે. ઇન્દ્રિયો તેને (પુદ્‌ગલને) ગ્રહણ કરી શકે તેવી શક્તિ ધરાવે છે. અરૂપી પદાર્થ ઇન્દ્રિયોથી ગ્રહણ થઈ શકતા નથી.

આત્મા સ્વ સ્વરૂપી અરૂપી, અસ્પર્શી છે તેથી ઈન્દ્રિયોથી ગ્રહણ ન થઈ શકે માટે અતીન્દ્રિય સ્વરૂપ છે. રૂપી અરૂપીને ગ્રહી શકે નહિ.

### વિશેષાર્થ :

**અતીન્દ્રિય :** ઈન્દ્રિયોથી સમજાય - ગ્રહણ થાય તેવા આત્મા નથી. અંતરાત્માએ આત્માને અનુભવ્યો તે કેવો છે ? તેમાં પ્રથમ કહે છે અતીન્દ્રિય છે. વસ્તુ અતીન્દ્રિય છે તેથી ઈન્દ્રિયથી સમજી શકાય તેમ નથી. દ્રવ્યેન્દ્રિય કે ભાવેન્દ્રિયથી પણ આત્મા ગ્રહાય તેમ નથી. અંતરાત્મા જાગૃત થયો અને નિજાત્મા અનુભવ્યો.

મનથી આત્માને પામવાના પ્રયત્નો પણ વ્યર્થ છે. મનને આત્મામાં એકાગ્ર કરે ત્યારે મનની મહત્તા ઊંડે ઊંડે પડી હોય છે કે પાંચ ઈન્દ્રિયોથી આત્મા ન મળે તે ઠીક છે, પણ મનને એકાગ્ર કરું તો આત્માનો અનુભવ થાય, પણ પ્રભુ ! મન અને ઈન્દ્રિયો આત્મ પદાર્થમાં નથી. અમન અવસ્થા રૂપ આત્મા છે તે મન-ઈન્દ્રિયથી કેવી રીતે પ્રાપ્ત થાય ? મન વિલય પામે છે ત્યારે આત્મા અનુભવમાં આવે છે. સદ્‌ગુરુના વચનમાં પરમ વિશ્વાસ કેળવી તેમના બોધવચનને આત્મસાત્ કરવા પુરુષાર્થી બને ત્યારે સમજાય છે.

પરમકૃપાળુદેવની દિવ્યદેશના છે કે,

"અબ ક્યોં ન બિચારત હૈ મનસેં;<br>
કછુ ઔર રહા ઉન સાધન સેં ?<br>
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે,<br>
મુખ આગલ હૈ કહ બાત કહે ?"

સદ્‌ગુરુના ઉપનિષદમાં તત્ત્વનો મર્મ સમજાય છે, તત્ત્વ પમાય છે. ગ્રંથત્રયી પ્રકાશક શ્રી કુંદકુંદાચાર્ય 'પ્રવચનસાર'ની ૧૯૨ ગાથામાં ફરમાવે છે,

एवं णाणप्पाणं दंसणभूदं अदिंदियमहत्थं ।<br>
धुमवमचलमणालबं मण्णेऽहं अप्पगं सुद्धं ॥

હરિગીતમાં :

"એ રીતે દર્શન-જ્ઞાન છે, ઈન્દ્રિય-અતીત મહાર્થ છે,<br>
માનું હું આલંબનરહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ, ધ્રુવ છે."<br>
- ૧૯૨

અર્થાત્ હું આત્માની એ રીતે જ્ઞાનાત્મક, દર્શનભૂત, અતીન્દ્રિય મહાપદાર્થ ધ્રુવ, અચલ, નિરાલંબ અને શુદ્ધ માનું છું. આત્મા અતીન્દ્રિય મહાપદાર્થ છે. દરેક ઈન્દ્રિય પોતપોતાના નિયત વિષયને ગ્રહે છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દને ઈન્દ્રિય ગ્રહણ કરે છે. પણ આત્માને ઈન્દ્રિયો ગ્રહણ કરી શકતી નથી. અતીન્દ્રિય મહાપદાર્થ આત્મા ઈન્દ્રિયો વગર સર્વને જાણનાર મહાસત્તા છે. માટે અતીન્દ્રિય આત્મા મૂર્ત ઈન્દ્રિયોથી ગ્રહી શકાય નહિ, જાણી શકાય નહીં.

**अनिर्देश्यम् :** શબ્દોથી અને વિકલ્પોથી અગોચર હોવાથી વચનોથી અગોચર છે. અંતરાત્મા કહે છે કે આત્મપરિજ્ઞાનના અભાવમાં હું સૂતો હતો. અભાન અવસ્થામાં જીવતો હતો. હું જાગ્યો- આત્મપરિજ્ઞાનથી ભરપૂર થયો. વિશેષપણે જાગૃત થયો ત્યારે આત્મા કેવો છે ? અતીન્દ્રિય - અનિર્દેશ્ય - સ્વસંવેદ્ય હું છું. અનિર્દેશ્ય નાસ્તિથી કથન છે અને સ્વસંવેદ્ય અસ્તિથી કથન છે. અનિર્દેશ્ય -તત્ત્વ વાણીથી વ્યક્ત થતું નથી.

ટીકાકાર શ્રી પ્રભાચંદ્રજી સંસ્કૃત ટીકામાં આ પ્રમાણે લખે છે, अनिर्देश्यम् - शब्द विकल्प अगोचरत्वात् અર્થાત્ કોઈ શબ્દથી આત્માને જાણવા માગે તો શબ્દથી અગોચર છે. પ્રાપ્ત થઈ શકે તેમ નથી. તથા विकल्प બાહ્ય કે અંતર વિકલ્પથી અગોચર છે. વિકલ્પાતીત અને શબ્દાતીત આત્મા છે તે કઈ રીતે શબ્દોથી પ્રાપ્ત થાય કે વિકલ્પોથી પ્રાપ્ત થાય. તથા निर्देष्टुम् अशक्यम् - વચનમાં નહિ કહી શકાય તેવું આત્માનું સ્વરૂપ છે. વાણીથી કહેવું અશક્ય છે. જે અનુભવનો વિષય છે તેને વાણીમાં કેવી રીતે કહી શકાય. જ્ઞાની સત્પુરુષને પૂછવામાં આવે તો

કથંચિત્ વાત કરે. ઈશારા આપે પણ આત્મપદાર્થ દિવ્ય વસ્તુ વાણીથી કહેવી અશક્ય છે.

**स्वसंवेद्य अहं अस्मि :** સ્વ સંવેદનથી - અનુભવી શકાય છે. જેમ અંતરાત્માએ આત્મસ્થિતિમાં સ્થિરતા સાધી ત્યારે બહાર વિકલ્પ ભૂમિમાં આવ્યા પછી એટલું કહે કે હું સ્વસંવેદ્ય છું પરથી વેદનમાં આવે તેવી આત્મસ્વરૂપની અવસ્થા નથી.

સાકરનો સ્વાદ ચાખે ને કહે સાકર ગળી છે અથવા ગોળ ગળ્યો છે. કેવો ગળ્યો છે ? ચાખો - સ્વાદ લો તો સમજાય. તેવી રીતે આત્મા સ્વસંવેદન-ગમ્ય છે.

''જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?''

જે વાણીનો વિષય નથી. જ્યાં વાણી પહોંચી શકતી નથી. કારણ સ્વસંવેદન સ્વરૂપે આત્મા છે. માત્ર અનુભવનો વિષય છે. જે જાણે તે માણે - જે જાણે તે પામે. માંહી પડ્યા તે માણે એવી પરમ ચૈતન્ય દશા છે.

**દૃષ્ટાંત :** શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં પુસ્તકોના અભ્યાસી મહાપંડિત આવ્યા હતા. શ્રી રમણ મહર્ષિને કહે કે મારે આપની સાથે મહા ગ્રંથો વિશે ચર્ચા કરવી છે. શ્રી રમણ મહર્ષિએ અનુમતિ આપી. વેદાન્તના પક્ષથી ચર્ચા કરવા માટે તેઓ તૈયાર થયા. બંને સામસામે છે. પહેલા મહાપંડિતે પ્રારંભ કર્યો - બ્રહ્મ, જગતનું કારણ - માયા - અનાદિથી પરિભ્રમણ - પરંબ્રહ્મ તત્ત્વ - સાંખ્યદર્શન, યોગદર્શન - મીમાંસાદર્શન અનેક પ્રશ્નો- પ્રત્યુત્તર વગેરે કહીને પછી શ્રી રમણ મહર્ષિને કહે કે હવે તમારા આ વિષયમાં ભિન્ન ભિન્ન અભિપ્રાયો જણાવો. શ્રી રમણ મહર્ષિ કહે છે કે તમે જે ત્રણ કલાક બ્રહ્મ - માયા વિષે વાત કરી, પણ હું તો બ્રહ્મનો - આત્માનો અનુભવ કરી રહ્યો છું. ત્યાં વાણી વિરામ પામે છે. માત્ર સ્વસંવેદનનો વિષય છે.

આત્મા વાણીનો વિષય નથી. અનુભવનો વિષય છે. સ્વસંવેદનગમ્ય છે. બાવન અક્ષરથી બારો આત્મા છે. શાસ્ત્રમાં સમજાવે પણ ખરેખર શાસ્ત્રગમ્ય નથી. નવપૂર્વ સુધી ભણ્યો હોય પણ આત્માને જાણતો નથી તો તે અજ્ઞાન નામ પામે છે. આશ્રમમાં આવનારા મહાપંડિતને સમ્યક્ બોધ થયો. શ્રી રમણ મહર્ષિના ચરણમાં ઝૂકી ગયો. કાયમ માટે આશ્રમવાસી બની શિષ્યત્વ સ્વીકારી આત્મ સમીપતાને પામ્યો. જે સહજસ્વરૂપ-ચૈતન્ય ચિન્મય પરમાત્માને વાણીમાં લાવી શકાય એવી કોઈ સ્થિતિ નથી.

શ્રી પંડિત બનારસીદાસજી નાટક સમયસાર - સર્વવિશુદ્ધિદ્વાર પદ - ૧૦૯ કહે છે ''જ્યારથી આત્માએ વિભાવ પરિણતિ છોડીને નિજ સ્વભાવનું ગ્રહણ કર્યું છે, ત્યારથી જે જે વાતો ગ્રહણ કરવા યોગ્ય હતી તેનું ગ્રહણ કર્યું, ત્યાગવા યોગ્ય અન્ય ત્યાગી દીધી. હવે ગ્રહણ કરવા યોગ્ય કે ત્યાગવા યોગ્ય કાંઈ રહ્યું નથી. પરિગ્રહ છોડી દીધો, શરીર છોડી દીધું, વચનાતીત થયો. વિકલ્પોથી અતીત થયો. ઈન્દ્રિયજનિત જ્ઞાનથી મુક્ત થયો. નિજ આત્મામાં રહ્યો.'' માત્ર અનુભવ રહ્યો. સ્વસંવેદન ગ્રાહ્ય આત્મા છે તેની પ્રતીતિ બની રહી. અસ્તિત્વ ઉપર જમાવટ થતાં આત્મા વેદાય છે.

બહિરાત્માની સુપ્ત સ્થિતિમાંથી અંતરાત્મા જાગૃત થયો. તે અંતરાત્મા આત્માને અતીન્દ્રિય સ્વરૂપે, અનિર્દેશ્ય રૂપે સ્વસંવેદન રૂપે અનુભવે છે. પૂ. બેનશ્રી ચંપાબેનની સમાધિગિરા કહે છે, ''ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે. પરવશ તે દુઃખી છે. સ્વવશ તે સુખી છે શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ સ્વવશપણાથી શાશ્વત સુખ

**(અનુસંધાન પાના નં. ૧૭ પર...)**

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૩)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(ગાથા - ૩)**

**जय परमशांत मुद्रा समेत,**
**भविजनको निज - अनुभूति हेत ।**
**भवि भावन वच जोगे वशाय,**
**तुम धुनि व्है सुनि विभ्रम नशाय ॥**

**શબ્દાર્થ :** તમારી શાંતમુદ્રા જોઈને ભવ્ય જીવો પોતાના આત્માનો અનુભવ કરવા માટે લક્ષ કરે છે. ભવ્ય જીવોના પુણ્યોદયથી અને આપના વચનયોગથી આપના આત્મામાંથી દિવ્યધ્વનિ પ્રવહે છે, જેનું શ્રવણ કરવાથી ભવ્ય જીવોની ભ્રાંતિ (અજ્ઞાન)નો નાશ થઈ જાય છે.

**ભાવાર્થ :** આ ગાથામાં સૈદ્ધાંતિક બોધ છે કે પરમાત્માના દર્શન ઉત્તમ સાધક મુમુક્ષુને સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું બાહ્ય નિમિત્ત બને છે. ઉત્તમ સત્પાત્રતાવાળો સાધક જ્યારે ભગવાનના દર્શન-પૂજા કરે છે ત્યારે તેમનું લક્ષ નિજ આત્મસ્વરૂપ પ્રત્યે ચાલ્યું જાય છે. અધ્યાત્મયોગીશ્રી દેવચંદ્રજી મહારાજ ફરમાવે છે :

"જિનવર પૂજા રે તે નિજ પૂજના રે
પ્રગટે અન્વય શક્તિ,
પરમાનંદ વિલાસી અનુભવે રે,
દેવચંદ્ર પદ વ્યક્તિ.
પૂજના તો કીજે રે બારમા જિનતણી રે."

એ જ પ્રમાણે યોગી આનંદઘનજી મહારાજ કહે છે,

"અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય,
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય
વિમલ જિન દીઠા લોયણ આજ."

મહાન આચાર્યો કહે છે ,

"દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપ નાશનં,
દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનં."

**આત્માર્થ :** સમ્યગ્દર્શનના પ્રાગટ્યના નીચે પ્રમાણે ત્રણ કારણ સિદ્ધાંતમાં કહ્યા છે :

(૧) **બાહ્ય નિમિત્ત કારણ :** સાક્ષાત્ પરમાત્મા અથવા તેમની મૂર્તિના દર્શન/સદ્ગુરુનો બોધ/પૂર્વની સાધનાનું અનુસંધાન.

(૨) **અંતરંગ નિમિત્ત કારણ :** તે સાધકના મિથ્યાત્વ મોહનીય કર્મનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ.

(૩) **ઉપાદાન કારણ :** જે મુખ્ય છે. તે સાધકની સમુચ્ચય યોગ્યતા અને તત્કાળ સત્પાત્રતા સહિત પુરુષાર્થ છે.

શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે,

"દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો,
ભાસ્યું આત્મ સ્વરૂપ અનાદિનો વિસર્યો."

એ જ રીતે મહા ભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓ-સાધકોનું અજ્ઞાન (પોતાના સ્વરૂપની ભ્રાંતિ) પરમાત્માની વાણીનું શ્રવણ કરવાથી નષ્ટ થઈ જાય છે.

## વિશેષાર્થ - પરમાર્થ

ભગવાનને તીર્થંકર નામકર્મનો ઉદય હોય છે તે ખરેખર ભવ્યજીવો માટે અત્યંત પુણ્યનો ઉદય છે. જ્યારે કુબેરાદિ દેવો પરમાત્માનું સમવસરણ

રચે છે, ત્યારે ભવ્ય જીવો ત્યાં આવે છે અને પરમાત્માના દર્શન કરી ધન્ય બની જાય છે તથા તેમની દિવ્યધ્વનિનું શ્રવણ થતાં જ મોહનીય કર્મનો નાશ થવાથી આત્મભ્રાંતિરૂપ મહારોગ ટળી જાય છે અને આત્મજ્ઞાન રૂપી સૂર્યનો ઉદય થઈ જાય છે. આવું ઉત્કૃષ્ટ સદ્‌ભાગ્ય આદિગુરુશ્રી ગૌતમસ્વામીનું હતું. તેઓ વેદાંત આદિ શાસ્ત્રોના પૂર્ણરૂપે પારંગત હતા અને ઉત્તમ વૈરાગ્યના ધારક હતા, પણ સમ્યગ્દર્શન - આત્મજ્ઞાન નહોતું. ભગવાન શ્રી મહાવીર સ્વામીનું સમવસરણ રચાઈ ગયું હતું. પણ ઉત્તમ પાત્ર સામે ન હોવાને કારણે તેમની દિવ્યધ્વનિ ખરતી નહોતી. દેવોએ શ્રી ઈન્દ્રભૂતિ (શ્રી ગૌતમસ્વામી) નામના વિશિષ્ટ શાસ્ત્રજ્ઞાન ધરાવતા મહાત્માનું નામ સાંભળ્યું હતું. તેથી તેઓ શ્રી ઈન્દ્રભૂતિ પાસે ગયા. દેવોએ તેમને આત્મતત્ત્વ વિષે પ્રશ્ન પૂછ્યો, જેનો ઉત્તર શ્રી ઈન્દ્રભૂતિ જાણતા ન હોતા, પણ તેઓને પોતાના જ્ઞાનનું અભિમાન હતું તેથી તેઓએ કહ્યું કે અમને તમારા ગુરુ પાસે લઈ જાઓ. તેમને હું ઉત્તર આપીશ. દેવો તરત જ તેમને શ્રી મહાવીર પ્રભુ પાસે લઈ ગયા. ત્યાં માનસ્થંભ જોતાં જ તેમનું માન ગળી ગયું. અને પ્રભુના દર્શન થતાં જ તેમની ભવ્યતાને કારણે તે જ સમયે પ્રભુ શ્રી મહાવીર સ્વામીની દિવ્યધ્વનિ ખરી, તેમની મહિગ્રંથિ તૂટી અને સમ્યગ્દર્શન પ્રગટી ગયું.

ભગવાનની દિવ્યધ્વનિનું અલૌકિક માહાત્મ્ય નીચેના અવતરણો દ્વારા સમજીએ :

- અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
  અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;
  સકળ જગત, હિતકારિણી હારિણી મોહ,
  તારિણી ભવાબ્ધિ, મોક્ષ ચારિણી પ્રમાણી છે.
  **– શ્રીમદ્ રાજચંદ્રજી**
- જિનવચન ઔષધ આ
  વિષયસુખનું વિરેચન અમીગણું;
  મૃત્યુ જરા વ્યાધિ હરણ,
  ક્ષયકરણ દુઃખ સમસ્તનું.
  **– શ્રી દર્શનપાહુડ (ગુજરાતી પદ્ય)**
- વિવેકને સદ્‌બોધ જે, કલ્યાણ પ્રશાંતને,
  સુતત્ત્વ ઉપદેશતી, જે સંતોતણી વાણી ઠરે.
  **– શ્રી જ્ઞાનાર્ણવ**
- વચનામૃત વીતરાગના, પરમ શાંત રસમૂળ,
  ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.
  **– શ્રીમદ્ રાજચંદ્રજી**
- જગસુહિતકર સબ અહિતહર,
  શ્રુતિ સુખદ સબ સંશય હરે,
  ભ્રમરોગ હર જિન કે વચન,
  મુખચંદ્ર તે અમૃત ઝરૈ.
  **– શ્રી છ ઢાળા**

આ પ્રમાણે ભવ્ય જીવો માટે પરમાત્માના દર્શન તથા તેમની વાણીનું શ્રવણ આત્મભ્રાંતિરૂપ રોગના વિનાશ માટે અત્યંત ઉપકારી છે એમ આ ગાથાનો બોધ ગ્રહણ કરવા યોગ્ય છે.

**॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥** ■■

## સમાધિતંત્ર - અમૃતરસપાન

**(પાના નં. ૧૫ પરથી ચાલુ...)**

પ્રગટ થાય છે.'' આ શ્લોકનું પદ્ય :

"નહિ પામ્યે નિદ્રિત હતો, પામ્યે નિદ્રા મુક્ત,
તે નિજવેદ્ય અતીન્દ્રિને અવાચ્ય છે મુજ રૂપ.''

**- પૂ. બ્રહ્મચારીજી**

પૂ. આચાર્ય શ્રી વિદ્યાસાગરજી મહારાજ પદ્યમાં લખે છે,

शुद्धात्म – ध्यान बिन खेद ! अनादि सोया,
पाके उसे जग गया, बहु दुःख खोया ।
आनन्द जो मील गया, निज–गम्य रम्य,
स्वामी ! अतीन्द्रिय अपूर्व न शब्द गम्य ॥

● ● ● **(ક્રમશઃ)**

# શ્રી આનંદઘન ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

(ગતાંકથી ચાલુ...)

## શ્રી મહાવીર સ્વામી સ્તવન

કોઈપણ કક્ષાના સાધકને સાધનાની જે અવસ્થામાં તે ઊભો હોય ત્યાંથી ઉપરની શ્રેણી ચઢવા માટેનું શૂરાતન પૂરું પાડે એવું આ સ્તવન આપણે વિચારી રહ્યા છીએ. વીરજી પાસે વીરપણું માગવાનું તાત્પર્ય જો ભક્તિમાર્ગ તેમજ જ્ઞાનમાર્ગ - એમ બંને દૃષ્ટિએ સમજાય તો સાધકનું 'છઉમથ્થ' વીર્ય પણ તેને થોડા ભવોમાં ક્ષાયિક વીર્ય પ્રગટ કરાવી, ''થાય તેહણે અયોગી'' - એવું અયોગી સિદ્ધપદ પ્રાપ્ત કરાવી શકે. 'મહાવીર જેવા વીર મારે બનવું છે' એવી લગનવાળા સાધકને હવે પ્રભુની વાણી દ્વારા વીરપણું તે શું, તેનો ઉપાય શું અને તેનું ફળ શું તે હવેની અંતિમ બે ગાથામાં પ્રગટ કર્યું છે તે જોઈએ :

**વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;**
**ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે.**
**— વીરજી૦ ૬**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! આપની વાણી દ્વારા અમે જાણ્યું કે વીરપણું તો આત્મસ્થાને જ છે. પોતાની શક્તિ પ્રમાણે ધ્યાન અને વિજ્ઞાન દ્વારા પોતાના ધ્રુવપદની ઓળખાણ થાય છે. આવું વીરપણું હું વીરજીને ચરણે લાગીને માગું છું. (ઠાણે = સ્થાને; તુમચી = તમારી; વાણે = વાણીથી; વિન્નાણે = વિજ્ઞાન દ્વારા; પહિચાણે = ઓળખાય)

**ભાવાર્થ :** હવે પ્રભુ પાસે વીરપણું માંગવાની વાતમાં તત્ત્વદૃષ્ટિ લાવે છે. જેમ જેમ વીરપણાની માંગ તીવ્ર થતી જાય તેમ તેમ પ્રભુભક્તિમાં સાધક એકલય થતો જાય, કષાયો અત્યંત મંદ થતા જાય, એક ''તૂ હી તૂ હી''ની લગન રહે અને ''જિનપદ નિજપદ એકતા'' - એવી તત્ત્વદૃષ્ટિ ખુલી જતાં તેને ભાન થાય છે કે, અરે પ્રભુ ! આપની વાણીમાં જ તો એમ આવ્યું છે કે ''વીરપણું તે આતમઠાણે.'' - વીરપણાનું સ્થાન તો તારા આત્મામાં જ છે. તું જ્યારે તારા ધ્રુવપદમાં સ્થિર થવાને સક્ષમ થયો હોય ત્યારે પછી વીરપણું પ્રભુ પાસે માગવાની જરૂર રહેતી નથી, કારણ કે 'વીર્ય' તો પ્રભુની જેમ તારા આત્માનો પણ સ્વાભાવિક ગુણ છે. તે માત્ર આવરિત થયો છે, જેને 'ધ્યાન વિન્નાણે', જ્ઞાન અને ધ્યાન દ્વારા પ્રયોગ કરી પ્રગટાવવાનો છે. You have to just manifest that which is potentially existing within you.

આ સંદર્ભમાં 'સમ્યગ્જ્ઞાનદીપિકા' ગ્રંથના રચયિતા ક્ષુલ્લક બ્રહ્મચારી પૂજ્યશ્રી ધર્મદાસજીના એક જીવનપ્રસંગનો ઉલ્લેખ અહીં ટૂંકમાં કરીએ છીએ. તેઓ પોતાની આત્મકથામાં લખે છે કે જ્યારે સિદ્ધ પરમાત્માને પ્રગટ જોવા માટે તેમણે અનેક પ્રયત્નો કર્યા ત્યારે અંતે તેમની પાત્રતા પરાકાષ્ઠાએ પહોંચેલી જોઈને તેમના ગુરુજી શ્રી દેવેન્દ્રકીર્તિજી ભટ્ટારક મહારાજે તેનું રહસ્ય ખોલતાં કાનમાં માત્ર એટલું જ કહ્યું કે ''તે તું જ છો !'' અને શ્રી ધર્મદાસજીને તે જ સમયે આત્મસાક્ષાત્કાર થયો ! તાત્પર્ય એ કે ''વીરપણું તે આતમઠાણે'' એમ તેમના સદ્‌ગુરુની વાણીથી જાણી તેમણે નિજ ધ્રુવપદની પહિચાન કરી લીધી ! મોહશત્રુને હરાવી આત્મામાં સ્થિર થવું, આત્મામાં જ રમણતા કરવી તે જ ખરેખર વીરપણું છે.

આવું વીરપણું પ્રગટાવવાનો ઉપાય હવે કહે છે કે : **''ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે.''** વિન્નાણે અર્થાત્ વિજ્ઞાને અર્થાત્ વીતરાગ વિજ્ઞાન દ્વારા સર્વ પ્રથમ જડ-ચેતનનો ભેદ કરી તત્ત્વનિર્ણય અને આત્મસ્વરૂપનો નિર્ણય કરવાનો છે. આ છે સમ્યક્‌જ્ઞાનનો અભ્યાસ. પ્રભુએ આત્મસ્વરૂપની

સમજણ માટે ‘છ પદ’નું વિજ્ઞાન આપ્યું છે, ભેદજ્ઞાન કરવા માટે જીવાદિ સાત તત્ત્વ (નવ તત્ત્વ)નું વિજ્ઞાન આપ્યું છે. તેમાં આસ્રવ-બંધથી છૂટવા દ્રવ્ય-ભાવ સંયમ દ્વારા સંવર-નિર્જરા કરવાનું વિજ્ઞાન આપ્યું છે. આવા પરમ ઉપકારી વીતરાગ - વિજ્ઞાનને આગમ, સુયુક્તિ અને ગુરુગમના અવલંબનથી શ્રદ્ધાના ઊંડા સ્તરે લઈ જવાનું છે, જેથી મિથ્યા માન્યતાઓનો નાશ થાય.(“જે જ્ઞાને કરીને જાણીયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત.”) આ છે સમ્યગ્દર્શનનો અભ્યાસ. ત્યારબાદ જે જાણ્યું અને શ્રદ્ધયું તેનું એકાગ્રતાપૂર્વક ચિંતન, મનન અને નિદિધ્યાસન કરી તે જ્ઞાનને ભાવભાસન અને વેદનના સ્તરે લઈ જવામાં ધ્યાન એક અત્યંત ઉપયોગી અને અનિવાર્ય સાધન છે. તેનાથી આત્મસ્થિરતારૂપ સમ્યક્ચારિત્રની ઉપલબ્ધિ થાય છે. પણ ધ્યાનનો અભ્યાસ કોઈ અનુભવી પુરુષની નિશ્રામાં થાય તે અત્યંત જરૂરી છે, કારણ કે ધ્યાનના અનેક પ્રકારમાંથી તેઓ આપણી પ્રકૃતિ અનુસાર ધ્યાનના પ્રયોગ કરાવે છે. આમ “ધ્યાન વિજ્ઞાણે” - ધ્યાન અને જ્ઞાનના અભ્યાસથી સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ રત્નત્રયની સમ્યક્ આરાધના થતા **“નિજ ધ્રુવપદ પહિચાણે રે”** - સાધક પોતાના ધ્રુવસ્વભાવની સ્વ-સંવેદનપૂર્વક પહિચાન અર્થાત્ અનુભવ કરી સમાધિદશાને પામે છે. તેથી જ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે :

*“જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;*
*એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર.”*

ઉપરાંત સ્તવનની આ ગાથામાં એમ કહ્યું કે જ્ઞાન અને ધ્યાન “શક્તિ પ્રમાણે.” તેનું તાત્પર્ય એમ છે કે સાધકે પોતાની ભાવદશા, પોતાની પ્રકૃતિ અને સાધના કરવાની **શક્તિની મર્યાદામાં રહીને**, પરંતુ શક્તિ ગોપવ્યા વગર, પૂરી શક્તિ લગાવીને જ્ઞાન-ધ્યાનનો અભ્યાસ કરવાનો છે. કોઈની દેખાદેખીથી કે માત્ર ધર્મી દેખાવા માટે કે ગુરુઆજ્ઞા વગર સ્વચ્છંદે કરીને પાત્રતા વગર ગજા ઉપરાંત આ અભ્યાસ કરવા જાય તો એવો સંભવ છે કે ધ્યાન તરંગરૂપ, માત્ર કલ્પનારૂપ થાય અને જ્ઞાન અહંકારમાં પરિણમે. તેથી જ મોક્ષમાર્ગમાં ઉપર કહ્યું તે પ્રમાણે એક સદ્ગુરુની જરૂર છે, જેમને આપણી શક્તિનું પ્રમાણ ખબર છે અને તેને અનુરૂપ સાધના કરાવી નિર્વિઘ્ને પાર પમાડે છે. જ્ઞાન-ધ્યાનના સુમેળપૂર્વકની ગુરુગમ સહિતની આવી સાધનાથી નિજ ધ્રુવપદની પહિચાન થતાં સાત પ્રકારના ભયથી રહિત નિર્ભય, મોહરાજાના નાશરૂપ વીરપણું ‘આતમ ઠાણે’ - પોતાના આત્મામાં જ પ્રગટે છે.

પરમાર્થથી તો ‘નિજ ધ્રુવપદની પહિચાણ’ નિર્વિકલ્પ અભેદ આત્માનુભવથી જ થાય છે. તે માટેનો તાત્ત્વિક પારમાર્થિક ઉપાય અને તેનું ફળ હવે અંતિમ ગાથામાં કહે છે :

**આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે;**
**અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે.**
**– વીરજી૦ ૭**

**શબ્દાર્થ :** સાધનનું અવલંબન જે ત્યાગે અને પરમાં જતી પરિણતિથી દૂર રહે તે ક્ષાયિક દર્શન, જ્ઞાન અને વૈરાગ્યના બળથી આનંદઘન પ્રભુરૂપી જાગૃત અવસ્થાને પામે છે. (આલંબન સાધન = મોક્ષમાર્ગમાં સહાયકારી સાધનો; પર પરિણતિ = પરવસ્તુમાં જતી પરિણતિ, બહિર્મુખ ઉપયોગ; અક્ષય = શાશ્વત, અવિનાશી, ક્ષાયિક; જાગે = જાગૃત અવસ્થાને પામે)

**ભાવાર્થ :** મોક્ષમાર્ગમાં સહાયક જે જે સાધનો આલંબનરૂપે અપનાવ્યા હતા તેને જ સાધ્ય એવા શુદ્ધાત્માની નિર્વિકલ્પ ઉપલબ્ધિ માટે હવે છોડવાની વાત છે ! આ જ તો જૈનદર્શનની અનેકાંતયુક્ત એકાંતદૃષ્ટિ છે. જરા વિચારતાં સમજાશે કે આ વાત જ ન્યાયયુક્ત છે. જગત વ્યવહારમાં પણ આવું જ જોવા મળે છે. ભગવાનના દર્શન કરવા મંદિરના પગથિયાનું અવલંબન લઈએ પછી મંદિરમાં પ્રવેશ કરવા તે અવલંબન છોડવું જ પડે ને ? બાળકને ચાલતા

શીખવવા માતા ચાલણગાડી આપે પરંતુ તેનું અવલંબન ધીમે ધીમે છોડાવતી જાય ત્યારે બાળક સ્વયં ચાલવા લાગે છે, જે જીવનભર પછી તેની સહજ ક્રિયા બની જાય છે. એ જ રીતે મોક્ષમાર્ગમાં પાપા પગલી ભરતા આપણે બાળજીવો અનાદિથી અજ્ઞાત એવા અનંત આનંદ અને શાંતિના માર્ગે ડગ માંડીએ ત્યારે ડગલે ને પગલે સત્દેવ-ગુરુ-ધર્મ તત્ત્વનું શરણ, નવતત્ત્વની સમજણ, ત્યાગ, વૈરાગ્ય, વૈરાગ્યવર્ધક બાર ભાવના, મૈત્રીઆદિ ચાર ભાવના, જપ, તપ, સંયમ આદિ અનેક સહાયક સાધનોનું અવલંબન તો અવશ્ય લેવું અનિવાર્ય છે, એટલું જ નહીં પણ તેને પરમ પ્રેમે ઉપાસવાના હોય છે, કારણ કે તેનાથી કષાયો મંદ પડે છે, મિથ્યાત્વ મોળું પડે છે, દેહાધ્યાસ ઘટે છે, મન પવિત્ર અને નિર્મળ બને છે અને સાધક આત્માનુભૂતિ માટે પાત્ર બને છે. પણ અહીં યાદ રાખવું ઘટે કે આ સર્વ અશુભથી બચીને શુદ્ધભાવની પાત્રતા બનાવવા માટેના શુભ સાધનો છે, સાધ્ય નથી. અહીં એક ભૂલ સાધક જીવ ઘણીવાર કરી ચૂક્યો છે કે કેટલાક લૌકિક કારણોને લઈને તે સાધનોમાં અટકી જાય છે, તે ભૂલથી બચવા આ ગાથા પ્રયોજનભૂત છે. કંઈક પુણ્યની ઈચ્છાથી, કંઈક માનની અપેક્ષાથી, કે સાંસારિક સુખ મળે તેવી નિદાનબુદ્ધિથી આ સાધનોમાં જ સંતોષ માની જીવ અટકી જાય છે. વળી, ધર્મક્રિયાઓ કરવા માત્રથી 'હું ધર્મી છું' એવો ભ્રમ પણ સેવે છે. આમ, મોક્ષમાર્ગના ઉપરોક્ત સાધક અવલંબનો નિરાલંબ એવા આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં જ તેને બાધક બને છે. તેથી જ શ્રીમદ્જી શ્રી આત્મસિદ્ધિ - ગાથા - ૭માં ત્યાગ-વૈરાગ્યરૂપ 'સાધન'ની અનિવાર્યતા અને તે જ સાથે તેની મર્યાદા સમજાવતાં કહે છે :

''ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.''

અવલંબનરૂપ સાધનની આમ મર્યાદા સમજીને હવે સ્તવનની આ અંતિમ ગાથાના મૂળ હાર્દ તરફ આવીએ જેમાં સાક્ષાત્ આત્માનુભૂતિ કરવા માટેનો પરમાર્થ રહેલો છે. ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ, જ્ઞાન અને ધ્યાનથી **પરિપક્વ થયેલો ઉત્તમ મુમુક્ષુ** હવે જ્યારે તેનું મૂળ લક્ષ એવા નિર્વિકલ્પ જ્ઞાનાનંદમય સ્વરૂપમાં લીન થવા તત્પર થાય છે ત્યારે તેને ઉપરોક્ત સર્વ ધર્મ અનુષ્ઠાનો, ''આલંબન સાધન'' પણ નિર્વિકલ્પ સમાધિમાં બાધકરૂપ લાગે છે. તેના બે કારણ છે. એક તો તે સર્વ સાધન વિકલ્પાત્મક છે અને બીજું તે બધા ભેદરૂપ છે, સ્વ-આત્મદ્રવ્યથી પરરૂપ પરિણતિ છે. તેથી તે **''આલંબન સાધન ત્યાગે''** ત્યારે જ તે નિર્વિકલ્પપણે અભેદ એવા સ્વાત્મામાં સ્થિર થઈ શકે. દેવ-ગુરુ-ધર્મ આદિ જે સાધનો તે પરમ પ્રેમથી સેવતો હતો તે જ હવે તેને જાણે (શ્રી ધર્મદાસજીના દૃષ્ટાંતની જેમ) પ્રેરણા કરે છે કે હવે અમારા જેવા બનવા માટે પણ તું અમારું અવલંબન છોડ અને તું તારામાં જ સ્થિર થા. જેમ જેમ ભાવદશા ઊર્ધ્વગામી થાય, ગુણસ્થાનો ચઢતો જાય તેમ તેમ આલંબનો ઘટતા જાય અને નિરાલંબપણું વધતું જાય. પછી તો મુનિદશામાં ૬ઠ્ઠા ગુણસ્થાને અલ્પ આલંબન અને ૭મે નિરાલંબન સમાધિ. ત્યારે પણ ૬ઠ્ઠામાંથી ૭મા ગુણસ્થાનમાં નિર્વિકલ્પ સમાધિ તુરત આવે તે માટે જ આચાર્યપ્રવર શ્રી અમૃતચંદ્રદેવ શ્રી સમયસાર કળશ-૬ના અંતિમ ચરણમાં પ્રાર્થના કરે છે કે :

*''तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः''*

*''આ નવતત્ત્વની સંતતિ, પરિપાટીને છોડી, આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.''* કળશ - ૧૮૫માં પણ આચાર્યશ્રી ફરમાવે છે (શ્લોકાર્થ) કે : ''જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે - હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે. (અહીં યાદ રાખવું ઘટે કે આત્માનુભૂતિની સર્વાંગ પાત્રતા આવ્યા વિના પૂર્વોક્ત શુભ અવલંબનો છોડવાના નથી.)

આમ, મોક્ષાર્થી સાધક નવ તત્ત્વ કે દેવ-ગુરુ-ધર્મના વિકલ્પો કે 'હું આત્મા છું' એવા વિકલ્પને પણ પોતાના શાશ્વત સ્વરૂપથી ભિન્ન, ક્ષણિક લક્ષણવાળા

જાણી તે સર્વ પરભાવોથી પોતાને જુદો પાડી 'અબાધ્ય અનુભવ' તરફ વળે છે. તેથી કહ્યું કે : **''પરપરિણતીને ભાગે''** - અર્થાત્ પરપરિણતીને સ્વપરિણતીથી દૂર હટાવે છે અથવા પરપરિણતીને દૂર ભગાવે છે અથવા તો એમ કહો કે સર્વ આલંબનો છૂટી જતાં સાધકની પરિણતી સ્વભાવમાં એવી સહજપણે સરકી જાય છે કે સર્વ પરદ્રવ્ય અને પરભાવોના વિકલ્પો કરતી 'પરપરિણતી' સ્વયં તે શુદ્ધ આત્માથી દૂર ભાગી જાય છે !

આમ, સર્વ આલંબન સાધન ત્યાગી, પરપરિણતીથી દૂર હટી આ મહાત્મા જ્યારે *''ધ્યાતા, ધ્યાન, ધ્યેય ગતકામ, હું સેવક ને હું છું સ્વામ.''* જેવી અદ્ભુત નિજાધીન નિજાનંદ દશામાં ક્ષપકશ્રેણી માંડે છે ત્યારે **''અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે''** - અર્થાત્ ક્ષાયિક દર્શન, જ્ઞાન અને વૈરાગ્ય અર્થાત્ ચારિત્રના બળે તે આનંદના પીંડરૂપ પરમાત્મપદને જે અક્ષય જાગૃત અવસ્થા છે તેવા અરિહંત, સિદ્ધ પદને પામે છે. આ જ મોહરાજાના સર્વનાશ કરવારૂપ વીરપણું છે, જે આનંદઘનજી સર્વાર્પણ ભક્તિપૂર્વક વીરપ્રભુ પાસે માગે છે. આપણે સૌ પણ જે કંઈ ક્ષાયોપશમિક વીર્ય મળ્યું છે તેને ફોરવીને પહેલાં પ્રભુ-ગુરુના દાસ બની વીરપણું માંગીએ અને અંતે તે શક્તિ-ભક્તિના ફળસ્વરૂપે વીરપણું 'આતમ ઠાણે' જ પ્રગટાવીએ. આવી મંગલ ભાવના સાથે આ સ્તવનની વિચારણાને અહીં વિરામ આપીએ છીએ.

સ્તવનનાં શબ્દાર્થ કે ભાવાર્થમાં મારા અલ્પજ્ઞાનથી કંઈ જિનાજ્ઞાથી વિપરીત લખાયું હોય તો શ્રી દેવ-ગુરુ-ધર્મની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું.

• • •

## શ્રી આનંદઘન ચોવીશી પૂર્ણાહુતિ સમયે

'શ્રી આનંદઘન ચોવીશી'ની વિવેચન-શૃંખલા 'દિવ્યધ્વનિ'માં ૨૦૦૭થી શરૂ થઈ તે આજે જ્યારે પૂર્ણાહૂતિને પામે છે ત્યારે અંતરમાં અનેક સંવેદનો જાગે છે. મારી અલ્પમતિ તો આ લેખન માટે સમર્થ નહોતી. પરંતુ સત્પુરુષોની કૃપાદૃષ્ટિ, આશીર્વાદ અને યોગબળથી આ કાર્ય સંપન્ન થયું છે. સ્તવનોને યથાર્થ ન્યાય આપવા શાસ્ત્ર-સ્વાધ્યાય અને ચિંતન, મનન થયા. તેથી સ્વ-પર કલ્યાણરૂપ ગણાતા આ કાર્યમાં ખરેખર તો સ્વને, મારા આત્માને જ ઘણો લાભ થયો.

દરેક સ્તવનના પ્રારંભમાં શ્રી આનંદઘનજીને વંદનસહ પ્રાર્થના કરી છે કે આપનો નિરંતર સાથ રહે, જેથી આપના આશય અને મર્મને અનુલક્ષીને જ રજૂઆત થાય. તેમના પ્રેરણાબળ અને ઉપકારનું વેદન કરતાં તેમને કોટિ કોટિ વંદન કરું છું.

વળી, અનેક જગ્યાએ સ્તવનોના મર્મ સાથે બરાબર તાલમેલ ધરાવતા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃતો મને ઘણા આધારભૂત નીવડ્યા. તેમને આ ચોવીસી ખૂબ પ્રિય હતી, તેમજ તે સ્તવનોનું ગાન પણ કરતા. કેટલાક સ્તવનોની ગાથાઓનું વિવેચન પણ તેમણે કર્યું છે. આનંદઘનજી પ્રત્યેનો તેમનો પ્રેમ વચનામૃતજીમાં અનેક જગ્યાએ જોવા મળે છે. ઉપદેશનોંધ - ૮માં તેઓશ્રી ફરમાવે છે કે : ''આનંદઘનજીની ચોવીશી મુખપાઠ કરવા યોગ્ય છે. તેના અર્થ વિવેચનપૂર્વક લખવા યોગ્ય છે.'' આમ, અનેક પ્રકારે પરમકૃપાળુદેવે પ્રેરણાબળ પૂરું પાડ્યું છે. તેથી તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન.

વર્ષો પહેલાં સ્વ. પૂજ્યશ્રી સવિતાબેને (મોરબી/પાલિતાણા) આ સ્તવનોને અર્થ સહિત ગાવાની પ્રેરણા કરી અને તે માટે શ્રી જ્ઞાનસારજી કૃત ચોવીશીના સંક્ષિપ્ત અર્થ આપતી ('બાલાવબોધ') પુસ્તિકા મને ભેટ આપી. તે માટે તેમનો અત્યંત ઋણી છું. કોબા આશ્રમના જિનમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રી આત્માનંદજી સાથે આ સ્તવનો ગાવાનું થતું ત્યારે થોડી અર્થ-વિચારણા પણ થતી. વળી, તેઓશ્રીના સ્વાધ્યાયમાં પણ કેટલીક ગાથાઓનો ઉલ્લેખ થતો, તેમાંથી ઘણું શીખવા મળેલ. ઈ.સ. ૨૦૦૫ના પર્યુષણમાં પૂજ્ય સાહેબજીએ આ ચોવીશીના સ્તવનનો સ્વાધ્યાય કરાવવાની આજ્ઞા કરી;

જેમાં સૌ પ્રથમ 'ઋષભ જિનેશ્વર'થી શરૂ કરી વિવિધ શિબિરો દરમિયાન ચોવીશીની મારી ભાવયાત્રા શરૂ થઈ. આમ, મારા આત્મકલ્યાણમાં ઉત્કૃષ્ટ નિમિત્તભૂત પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં ભાવપૂર્વક અગણિત વંદન કરું છું.

ધરમપુર આશ્રમના પ્રણેતા પૂજ્ય સંતશ્રી રાકેશભાઈના ઉપકારને પણ હું કદાપિ ભૂલી ન શકું. તેઓશ્રીએ અનેકવાર આ લેખનકાર્યનો ઉલ્લેખ કરી મને ખૂબ પ્રોત્સાહન આપ્યું છે અને મારી પ્રભુભક્તિને પુષ્ટ કરી છે. ખરેખર તો તેમણે આ ચોવીશી ઉપર આપેલ સ્વાધ્યાય પાસે મારું આ લેખન સૂર્ય પાસે માત્ર દીપક જેવું મૂલ્ય ધરાવે છે. ઘણીવાર જ્યારે અર્થઘટનમાં મને મૂંઝવણ થતી ત્યારે મેં તેમના આ સ્વાધ્યાયનું અવલંબન લીધું છે. હું તેઓશ્રીનો અત્યંત ઋણી છું અને અંતઃકરણપૂર્વક તેમના ચરણોમાં વંદન કરું છું.

સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ 'શ્રી આનંદઘન ચોવીશી' પુસ્તકમાં કરેલ વિસ્તૃત વિવેચન-ખાસ કરીને તેમાં આપેલ દરેક શબ્દના અર્થ મને ઘણા સહાયરૂપ થયા છે. તે ભવ્યાત્મા જ્યાં હોય ત્યાં તેમને મારા વિનયપૂર્વકના વંદન છે.

'દિવ્યધ્વનિ'ના માનદ્ તંત્રીશ્રી મિતેશભાઈ શાહ તથા કોબા આશ્રમના ટ્રસ્ટીગણ અને મુમુક્ષુઓનો પણ હું ખૂબ આભારી છું કે જેમણે વારંવાર આ સત્કાર્યમાં મને ખૂબ પ્રોત્સાહિત કર્યો છે.

અંતમંગળરૂપે ચોવીસ તીર્થંકરોને કોટિ કોટિ વંદન કરી આશીર્વાદ માગું છું કે શ્રી આનંદઘનજી જેવી પ્રભુભક્તિને હું પામું, તેમની જેમ ઋષભ જિનેશ્વરને પ્રીતમ બનાવું, અજિતનાથનો પંથડો નિહાળી તે પંથે પ્રયાણ કરું, અભય-અદ્વેષ-અખેદની ભૂમિકા પ્રાપ્ત કરી સંભવનાથની સેવના કરું, અભિનંદન જિનના દર્શનની રણરોઝ સમાન પિપાસા જગાડું, સુમતિનાથના ચરણકમળમાં આતમ અર્પણ કરું, પદ્મપ્રભુ સાથે એકત્વ સાધી તેમની અને મારી વચ્ચેના અંતરને ભાંજુ, સાતમા શ્રી સુપાર્શ્વજિનને વંદના કરી મારા સાત મહાભયને ટાળું, ઉપશમરસના કંદ એવા ચંદ્રપ્રભુનું મુખચંદ દેખીને મારા મોહનીયનો ક્ષય કરું, મોક્ષમાર્ગની સુવિધિ બતાવનાર સુવિધિનાથની "અતિ ઘણો ઉલ્લાસ ધરીને" દ્રવ્ય-ભાવ પૂજા કરું, શીતલ જિનપતિના ત્રિભંગી સ્વરૂપની ભક્તિ કરી પરમ શીતળતાને પામું, અંતરજામી અને આતમરામી શ્રેયાંસજિનના આશીર્વાદથી 'ભાવ અધ્યાતમ'માં મંડી પડું, ત્રિભુવન સ્વામી વાસુપૂજ્યની ભક્તિથી આતમજ્ઞાની શ્રમણ બનું, સમર્થ ધીંગધણી વિમલનાથની કૃપા થકી આનંદઘન પદને પામું, ચૌદમા અનંતનાથ જિનતણી ચરણસેવાની તીક્ષ્ણ ધારરૂપ સંયમમાર્ગ ઉપર ચાલવાની કળા શીખું, ધર્મ જિનેસર સિવાય બીજો મનમંદિર આણું નહીં, શાંતિજિન પાસે શાંતિસ્વરૂપ પામવાનું રહસ્ય ધીરજ મન ધરી સાંભળું, કુંથુજિન પાસેથી દુરારાધ્ય મનને વશ કરવાની રીત જાણું, અરનાથનો સ્વ-પરનો ભેદ સમજાવતો પરમધર્મ પામું, અઢાર દૂષણ રહિત મલ્લિજિનના ગુણગાન કરી આનંદઘન પદને પામું, મુનિસુવ્રત જિનરાયને વિનતિ કરી આતમતત્ત્વનું સ્વરૂપ સમજી ચિત્તસમાધિ લહું, નમિ જિનવરના ચરણ ઉપાસક બની "જિનસ્વરૂપ થઈ જિન આરાધું.", નેમિનાથના ચરિત્રને યાદ કરી નેમ-રાજુલ જેવા આદર્શને અવધારું, ધ્રુવપદરામી પાર્શ્વપ્રભુનો સંગ કરી આનંદઘનરૂપ મારા નિજગુણનો સ્પર્શ કરું અને last but not the least, વીરજીને ચરણે લાગી મારા છદ્મસ્થ વીર્યને ફોરવી, ક્ષાયિક વીર્ય પ્રગટાવી વીરગતિ એવી પંચમગતિને પામું ! મને વિશ્વાસ છે કે યોગીશ્વર આનંદઘનજી તથા સર્વ ગુરુજનો અને સંતજનોની કૃપાપ્રસાદીથી આપણે સૌ સમ્યક્ પુરુષાર્થના બળે "કાળલબ્ધિ લહી પંથ નિહાળશું" એવી મંગલ ભાવના સાથે મારી આ ચોવીશીની ભાવયાત્રાને વિરામ આપું છું.

***સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.***

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

● ● ●

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૨૨)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

**તીર્થંકર પ્રભુના અષ્ટ પ્રાતિહાર્ય - ૧. અશોકવૃક્ષ**

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**उच्चैरशोकतरुसंश्रितमुन्मयूख -**
**माभाति रुपममलं भवतो नितान्तम् ।**
**स्पष्टोल्लसत्किरणमस्त तमोवितानं,**
**बिम्बं रवेरिव पयोधर पार्श्ववर्ति ॥२८॥**

● **શબ્દાર્થ :** उच्चैः - અતિશય ઊંચા એવા, अशोकतरु - અશોક વૃક્ષ, संश्रितम् - આશ્રય કરીને રહેલું, उत् - ઉલ્લસિત થઈ રહ્યા છે એવા, ઉપર ફેલાયેલા, मयूख - કિરણો, उन्मयुखम् - ઉલ્લસિત કિરણોવાળું, અતિ ચમકતું, દેદીપ્યમાન, आभाति - શોભે છે, रूपम् - રૂપ, अमलम् - નિર્મલ, भवतः - આપનું, તમારું, नितान्तम् - ઘણુ જ, અત્યંત, स्पष्ट - સ્પષ્ટપણે, उल्लसत् - ચમકતા, किरणम् - કિરણોવાળું, अस्त - અસ્ત (દૂર, નાશ), तमः - અંધકારનો, वितान - સમૂહ, बिम्बं - બિંબ, रवेः - સૂર્યનું, इव - તેની સમાન, જેવું, पयोधर - મેઘમંડળ, વાદળોનો સમૂહ, पार्श्व - પડખું, પાસે, वर्ति - તેમા (વર્તી) રહેલું છે તે.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**ઊંચા એવા તરુવર અશોકે પ્રભુ અંગ શોભે,**
**જાણે આજે રવિરૂપ ખરું દીપતું છેક મોભે;**
**અંધારાને દૂર કરી રહ્યું સૂર્યનું બિંબ હોય,**
**નિશ્ચે પાસે ફરી ફરી વળ્યાં વાદળાં રૂપ તોય. (૨૮)**

● **ભાવાર્થ :** (હે પ્રભુ !) ઊંચા અશોક વૃક્ષની નીચે રહેલું અને ઊંચે જતા (ફેલાતા) કિરણો વડે શોભતું આપનું નિર્મળ રૂપ (કાંતિ) મેઘમંડળ (વાદળો)ની પાસે અત્યંત ચમકી રહેલા અને અંધકાર(ના સમૂહ)નો નાશ કરનારા એવા સૂર્ય - બિંબ સમું, ઘણું શોભે છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** જૈન (વીતરાગ) દર્શનમાં બે પ્રકારના ભગવાન કહેલ છે : (૧) જીવનમુક્ત, શરીરધારી અરિહંત (તીર્થંકર) પરમાત્મા, અને (૨) દેહમુક્ત, ભવભ્રમણ (સંસાર) રહિત, અશરીરી સિદ્ધ પરમાત્મા.

અંતિમ આદર્શ અને સર્વોત્કૃષ્ટ સિદ્ધિને વરેલા, સાદિ અનંત સુખમાં સ્થિત એવા સિદ્ધનું સ્વરૂપ દર્શાવીને, ત્યાં પહોંચવાનો માર્ગ દર્શાવનાર અરિહંતનું વ્યવહાર અપેક્ષાએ અત્યંત મહત્ત્વ છે. તેથી નવકાર મહામંત્રમાં પંચપરમેષ્ટિમાં અરિહંતને સિદ્ધની પહેલા નમસ્કાર કરવામાં આવેલ છે. યથા,

**ગુરુ ગોવિંદ દોનોં ખડે, કિસ કો લાગું પાય;**
**બલિહારી ગુરુદેવકી, જિન ગોવિંદ દીયો બતાય.**

અરિહંતના શાસ્ત્રોક્ત ૭ પ્રકાર છે : (૧) પાંચ કલ્યાણક યુક્ત, (૨) ત્રણ કલ્યાણક યુક્ત, (૩) બે કલ્યાણક યુક્ત, (૪) સાતિશય કેવલી (ગંધકુટી યુક્ત), (૫) સામાન્ય (મૂક) કેવલી, (૬) ઉત્સર્ગ કેવલી, અને (૭) અંતકૃત કેવલી. ભક્તામર સ્તોત્રના સંદર્ભમાં અહીં અરિહંત તે પંચ કલ્યાણક સાથેના તીર્થંકર ભગવંતનો નિર્દેશ છે. શાસ્ત્રમાં અરિહંત (તીર્થંકર) ભગવંતનું વર્ણન નીચે પ્રમાણે કરવામાં આવેલ છે :

તેઓ મારા-તમારા મન મનની વાત જાણી - દેખી રહ્યા છે, ઘટ (ઘર, ઘટના સ્થળ) ઘટની વાત જાણી-દેખી રહ્યા છે, સમય-સમયની વાત જાણી-દેખી રહ્યા છે, ૧૪ રાજલોક (તથા સકળ લોકાલોક) હસ્તામલકવત્ અંજલિ પ્રમાણે જાણી-દેખી રહ્યા

(જ્ઞાતા-દ્રષ્ટા) છે. તેમને અનંતુ જ્ઞાન છે, અનંતુ દર્શન છે, અનંતુ ચારિત્ર છે, અનંતુ તપ છે, અનંતુ ધૈર્ય છે, અનંતુ વીર્ય છે એ ષટે ગુણે કરી સહિત છે. ૩૪ પ્રકારના અતિશયે કરી બિરાજમાન છે, ૩૫ પ્રકારની સત્ય-વચન-વાણીના ગુણે કરી સહિત છે, ૧૦૦૮ ઉત્તમ લક્ષણના ધારણહાર છે, ૧૮ દોષ રહિત છે અને ૧૨ ગુણે કરી સહિત છે. ચાર કર્મ ઘનઘાતી (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, મોહનીય) ક્ષય કર્યા છે અને બાકીના ૪ કર્મ (આયુષ્ય, નામ, ગોત્ર, વેદનીય) પાતળાં પાડીને બળેલી સીંદરી જેવા (અપૂર્વ અવસર - ૧૬) રહ્યા છે. તદ્ભવ મોક્ષગામી મુક્તિ જવાના કામી થકા સ્વામી વિચરે છે અને ભવ્ય જીવના સંદેહ ભાંગે છે. સજોગી, સશરીરી, કેવળજ્ઞાની, કેવળદર્શની અને યથાખ્યાત ચારિત્રના ધારણહાર છે. ક્ષાયિક સમકિત, શુક્લ ધ્યાન, શુક્લ લેશ્યા, શુભ ધ્યાન, શુભ જોગ સહિત છે. ૬૪ ઇંદ્રોના પૂજનિક, અર્ચનિક, સ્મરણિક છે. પંડિત વીર્ય એ આદિ અનંતગુણે કરી સહિત છે.

હાલ વર્તમાનકાળે પાંચ મહાવિદેહ ક્ષેત્ર (મધ્યલોકના અઢીદ્વીપ)માં ૨૦ (જઘન્ય) તીર્થંકર અરિહંતો (શ્રી સીમંધરસ્વામી, યુગમંધર સ્વામી, બાહુસ્વામી, સુબાહુસ્વામી,... અજીતસેન સ્વામી) સાક્ષાત્ સદેહે વિચરી રહ્યા છે.

અહીં પ્રાસંગિક છે : અતિશય, પ્રાતિહાર્ય અને ગુણો. અતિશય ૩૪ હોય છે અને તેનો શબ્દાર્થ તો એટલો જ છે કે અસામાન્ય, સામાન્ય મનુષ્યોમાં ન હોય તે. પરમાર્થ એમ છે કે તીર્થંકર નામકર્મના પ્રભાવે વિશિષ્ટ શક્તિ અને પ્રભાવ. પ્રાતિહાર્ય ૮ હોય છે અને તેનો શબ્દાર્થ છે સેવક-રક્ષક. પરમાર્થ એમ છે કે કેવળજ્ઞાનના પ્રભાવે સમવસરણની શોભા અને પ્રભાવક. ગુણો ૧૨ હોય છે અને તેનો શબ્દાર્થ છે ઇચ્છનીય લક્ષણો. પરમાર્થ એમ છે કે તીર્થંકર નામકર્મના પ્રભાવે અને ૪ ઘાતી કર્મના અભાવે માત્ર અરિહંતમાં જ હોય તેવા વિશિષ્ટ લક્ષણો.

તીર્થંકરોના ૩૪ અતિશયો ટૂંકમાં નીચે પ્રમાણે હોય છે.

**જન્મથી (૧૦) :** (૧) વજ્રઋષભ નારાચ સંહનન (શરીરનો બાંધો), (૨) સમચતુરસ્ત્ર શરીર સંસ્થાન (આકાર), (૩) અદ્ભુત રૂપ, (૪) સુગંધી નિર્મળ શરીર, (૫) સુગંધિત શ્વાસોચ્છ્વાસ, (૬) દૂધ જેવાં લોહી-માંસ, (૭) પરસેવા રહિત, (૮) અનંત બળ, (૯) હિત-મિત-મધુર વાણી, (૧૦) ૧૦૦૮ ઉત્તમ લક્ષણો.

**કેવળજ્ઞાન પ્રગટે ત્યારે (૧૧) :** (૧૧) વિદ્યાઓના સ્વામી, (૧૨) આકાશગમન (જમીનનો સ્પર્શ નહિ) (૧૩) સ્વક્ષેત્ર-પરક્ષેત્રકૃત ઉપસર્ગનો અભાવ, (૧૪) હિંસાનો અભાવ, (૧૫) આહાર-નિહારનો અભાવ (અથવા ચર્મચક્ષુ અગ્રાહ્ય), (૧૬) નખ કે વાળ વધે નહીં, (૧૭) પડછાયાનો અભાવ, (૧૮) પલક રહિત, (૧૯) સુભિક્ષતા, (૨૦) ચતુર્મુખી - સમવસરણમાં (મૂળ પૂર્વાભિમુખ), (૨૧) ૧૮ મુખ્ય અને ૭૦૦ ગૌણ ભાષા યુક્ત દિવ્યધ્વનિ.

**દેવકૃત (૧૩) :** (૨૨) ૧ કરોડ દેવો સેવામાં, (૨૩) દિવ્ય ધર્મચક્ર અને ઇંદ્રધ્વજ, (૨૪) સુવર્ણકમળ, પાદપીઠ, મંગલ દ્રવ્યો, (૨૫) સમતલ, સ્વચ્છ અને રત્નમયભૂમિ, (૨૬) સુગંધી જલવર્ષા, (૨૭) કાંટા-રેતી દૂર કરતો સુખદાયક વાયુ, (૨૮) તળાવ-કૂવા નિર્મળ જળથી પૂર્ણ, (૨૯) ધુમાડો-ઉલ્કાપાત રહિત સ્વચ્છ આકાશ, (૩૦) ઋતુ વિના ફળ-ફૂલની વૃદ્ધિ, કાંટા અધોમુખ, વૃક્ષોનું નમન, પક્ષીઓની પ્રદક્ષિણા, (૩૧) અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ વિના, (૩૨) ઇતિ-ભિતિ (તીડ, ઉંદર) વિના, (૩૩) રોગ, મરકી, અકાળ મૃત્યુ રહિત, (૩૪) પૂર્વવૈરભાવ રહિત, જીવોમાં મૈત્રીભાવ, આનંદ.

આમ્નાયભેદે આ ૩૪ અતિશયોનું વિભાગીકરણ, શબ્દો, વર્ણન વગેરેમાં ફેરફાર હોય છે. પરંતુ આપણા માટે તે તફાવત અપ્રયોજનભૂત અને અવગણ્ય છે. સુજ્ઞ વાચકોને તીર્થંકર પ્રભુ અને

તેમના વૈભવનો કાંઈક ખ્યાલ આવે તે આશયથી સર્વમાન્ય પ્રમાણભૂત પૂ. વર્ણીજીકૃત 'શ્રી જૈનેન્દ્ર સિદ્ધાંત કોષ' (ભાગ-૧, પૃષ્ઠ-૧૩૭)ના આધારે અત્રે આપેલ છે. આ ઉપરાંત 'શ્રી જૈન તત્ત્વપ્રકાશ' (પૂ. અમોલખ ઋષિજી, પૃ.૫), તથા 'સંક્ષિપ્ત જૈન દર્શન' (શ્રી દિનેશચંદ્ર મોદી, પૃ-૬૬) ગ્રંથો તથા પૂ. રાકેશભાઈની પર્યુષણ પ્રવચનમાળા (૨૦૦૧)નો સાભાર આધાર લીધો છે.

આ લેખમાળાના ક્રમાંક-૧માં જણાવ્યા મુજબ આમ્નાયભેદે ભક્તામર સ્તોત્રની ગાથાઓ ૪૪ અથવા ૪૮ હોય છે. પ્રથમ આમ્નાયમાં પ્રભુના ૮ પ્રાતિહાર્યોમાંથી પ્રથમના ૪ (અશોકવૃક્ષ, સિંહાસન ચામર, છત્ર) રાખીને બાકીના ૪ (દેવદુંદુભિ, દિવ્ય પુષ્પવૃષ્ટિ, આભામંડળ અને દિવ્યધ્વનિ)નો લોપ કરેલ છે. દરેક આમ્નાયમાં બધું તેમની પોતાની અપેક્ષાએ સુવ્યવસ્થિત અને વિચારપૂર્વકનું હોય છે. તેથી સાચું-ખોટું કે સારા-ખરાબના વિવાદથી દૂર રહીને, આમ્નાયભેદથી અતિક્રાંત રહીને, આપણે અહીં પ્રભુની વિશેષ સ્તુતિરૂપે આઠેય પ્રાતિહાર્યો રાખીને ભક્તામરસ્તોત્રની ૪૮ ગાથાઓ વિષે વિચારીશું.

કેવળજ્ઞાન પ્રગટ્યા પછી તીર્થંકર ભગવંતોનો મહોત્સવ સમવસરણાદિ રચીને દેવો ઉજવે છે ત્યારે તે દેવો વિશિષ્ટ પ્રતીકો રચીને પ્રભુની પર્યુપાસના કરે છે. તેને જૈન આગમમાં અષ્ટ (મહા) પ્રાતિહાર્ય કહ્યા છે. તેની સંગ્રહણી ગાથા નીચે મુજબ છે. :

**અશોકવૃક્ષઃ સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનીશ્ચામરમાસનં ચ ।**
**ભામંડલ દુન્દુભિઃ ત્રિછત્રં, અષ્ટ પ્રાતિહાર્યાણિ જિનેશ્વરાણામ્ ॥**

**અર્થ :** (૧) અશોકવૃક્ષ, (૨) સુર પુષ્પવૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ, (૪) ચામર, (૫) આસન (સિંહાસન), (૬) ભામંડલ, (૭) દુદુંભિ (નાદ) અને (૮) ત્રણ છત્ર, એ આઠ જિનેશ્વર દેવોના પ્રાતિહાર્યો છે.

એક આમ્નાય પ્રમાણે અરિહંતના ૧૨ ગુણો તે આ ૮ પ્રાતિહાર્ય + ૪ અનંત ચતુષ્ટય (અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અથવા અનંત જ્ઞાન-દર્શન-વીર્ય-સુખ).

આ શ્લોક ૨૮થી ૩૫ સુધીમાં માનતુંગાચાર્યે ૮ પ્રાતિહાર્યોનું તેમની વિશિષ્ટ રૂપક શૈલીમાં અદ્‌ભુત વર્ણન કરેલ છે. અહીં અરિહંત પરમાત્માનું અનેક દિવ્ય સ્વરૂપોમાં ચિંતન અને સમવસરણમાં બિરાજમાન જિનેશ્વરનું આબેહૂબ પ્રત્યક્ષ હોય તેવું મનોહર શબ્દચિત્ર જોવા મળે છે. આ ૮ પ્રાતિહાર્યો દ્વારા પરમાત્માના બાહ્ય વૈભવનું લાક્ષણિક ઉપમાઓ દ્વારા વર્ણન કરતાં તેમાં સ્થિત સૂર્ય સમાન તેજસ્વી તથા સુવર્ણ સમાન કાંતિવાળા પ્રભુજીની અત્યંત પૂજ્યભાવપૂર્વક સૂરિજી સ્તુતિ કરે છે. પ્રભુની અંતર્વિભૂતિ તો કેવલજ્ઞાનાદિ ચૈતન્યગુણો છે, ને તેની સાથે તીર્થંકર પ્રભુને આવી અદ્‌ભુત બાહ્ય વિભૂતિ(અતિશયો અને પ્રાતિહાર્યો) હોય છે.

વિચારવાન સાધક-મુમુક્ષુએ બાહ્ય વિભૂતિ વહેવાર છે અને અંતર્વિભૂતિ નિશ્ચય છે એવું વિવેકપૂર્ણ સમજવું. તેથી જ શ્રીમદ્‌જીએ 'આત્મસિદ્ધિ' શાસ્ત્રમાં મતાર્થી (અજ્ઞાની)ના લક્ષણ તરીકે કહ્યું કે,

**જે જિનદેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;**
**વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ. (૨૫)**

અત્રે એ સવાલ થઈ શકે કે તો પછી બાહ્ય વૈભવ (શ્લોક ૨૮-૩૭) કેમ વર્ણવેલ છે. તેનું સમાધાન એમ છે કે, (૧) અજ્ઞાની બાળ જીવોને તે આકર્ષિત કરે, અન્ય ક્યાંય ઉત્સુકતા સાથે લલચાય નહીં અને ક્રમે કરીને આંતરિક વૈભવ તરફ દૃષ્ટિ લઈ જાય, (૨) સાધક - વિવેકી જીવોને તે સ્પષ્ટતા કરે કે આ બાહ્ય વૈભવ (અતિશયો, પ્રાતિહાર્યો, સમવસરણ) પણ પરમાત્માનું સાચું સ્વરૂપ નથી, પણ પુણ્ય પ્રભાવ છે.

કુદેવની ઉપાસનાથી તો આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિ નથી થતી, પરંતુ સુદેવ (વીતરાગ,

સર્વજ્ઞ, હિતોપદેશક)ની પણ યથાર્થ ઉપાસના ન થાય તો પણ આત્મશુદ્ધિ નથી થતી. જાગૃતિ અને યથાર્થ સમજણ (ઓળખાણ) વિના જૈન મત અનુયાયી હોવા છતાં મિથ્યાત્વી રહે છે. યથાર્થ સ્વરૂપ સમજીને જ ભક્તિ-ઉપાસના કરવી, એટલે કે ગુણોની ઓળખાણપૂર્વક પરમાર્થ સ્તુતિ કરવી. પરમાત્માનું વર્ણન બે રીતે કરે છે : (૧) અંતરંગ- આત્મિક દશા (પુરુષાર્થ આધીન) અને (૨) બહિરંગ વૈભવ (પુણ્યાધીન). વીતરાગ માર્ગમાં પુણ્ય (અતિશય, પ્રાતિહાર્ય, સમવસરણ) કરતા પવિત્રતા (વીતરાગતા)ની મોટાઈ છે. અહીં તીર્થંકર પરમાત્મા એટલે આત્માની ઉત્કૃષ્ટ સિદ્ધિ સાથે ઉત્કૃષ્ટ પુણ્યનો સંયોગ.

અત્રે એ નોંધવું રસપ્રદ થઈ પડશે કે ભક્તામર સ્તોત્રના પુરોગામી (આશરે ૩૦૦ વર્ષ) 'કલ્યાણ મંદિર' સ્તોત્રમાં શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજીએ ત્યાંના શ્લોક ૧૯થી ૨૬માં આ ૮ પ્રાતિહાર્ય તેમની આગવી શૈલીમાં રોચક રીતે કહેલ છે પણ ત્યાં ક્રમ થોડો જુદો છે (અશોકવૃક્ષ, દિવ્યપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, પ્રભામંડલ-આભા, દેવદુંદુભિ, ત્રણ છત્ર). પ્રાતિહાર્યોનો કોઈ ખાસ ક્રમ નથી. દરેક સ્વતંત્ર રીતે શોભીને રક્ષક-પ્રભાવક છે. તેમને મહાપ્રાતિહાર્ય પણ કહે છે. આ પ્રાતિહાર્યોને તીર્થંકર પરમાત્માના વિશેષ મહિમાદ્યોતક ચિહ્નરૂપે માનવામાં આવ્યા છે.

તીર્થંકર નામકર્મનો ઉદય આવતા, તીર્થંકર ભગવંત જે સમયે દેશના પ્રકાશવાના હોય છે તેની જાણ દેવલોકના ઈંદ્રોને અવધિજ્ઞાનથી થાય છે, અને પ્રભુદેશનાના અદ્‌ભુત પ્રસંગની ઉજવણી નિમિત્તે ઈંદ્રો દેવોની સહાયથી ભવ્ય સમવસરણ (સમોસરણ)ની રચના કરે છે, જેમાં ૮ પ્રાતિહાર્ય પણ આવી જાય છે. જ્યાં ઘણું મિથ્યાત્વ હોય ત્યાં દેવતાઓ ત્રિગડા (ત્રણ ગઢવાળા). સમવસરણની રચના કરે છે, જેમાં સોનું-રૂપું-રત્નના ગઢ અને મણિરત્નના કાંગરા આદિની રચના હોય છે. મનુષ્યો, દેવો અને તિર્યંચોને બેસવા માટે યોગ્ય આસનો, રથાદિ વાહનો માટે વ્યવસ્થા, માનસ્થંભ, ચાર બાજુએ ફરતા ૪ દરવાજા - પગથિયા, ૧૨ પ્રકારની પર્ષદા (ધર્મસભાના વિભાગો) વગેરે હોય છે. સમવસરણની મધ્યમાં દેવો તીર્થંકર પ્રભુને બેસવા માટે (ખરેખર તો પ્રભુ અંદરથી નિર્લેપ છે અને બહારથી અસ્પૃષ્ટ છે તેથી સિંહાસન કે ગંધકુટીને સ્પર્શતા પણ નથી. આમ્નાયભેદે અને વહેવારથી સમજવું) સિંહાસનની રચના કરે છે અને તે દેવો રચિત અશોકવૃક્ષની નીચે રાખવામાં આવે છે. આ અશોકવૃક્ષની રચના એ પ્રભુનો એક અતિશય (પ્રાતિહાર્ય) છે. હવે આપણે માનતુંગસૂરિજીએ આ શ્લોક-૨૮માં વર્ણવેલ પ્રથમ પ્રાતિહાર્ય અશોકવૃક્ષ વિષે વિચારીએ.

તીર્થંકર ભગવાન ધર્મદેશના આપવા માટે અશોકવૃક્ષની નીચે બેસે છે. તે દેવનિર્મિત હોવાથી સજીવ વનસ્પતિકાયનું નથી હોતું પણ નિર્જીવ દિવ્ય પુદ્‌ગલોથી તેની રચના કરવામાં આવે છે. તેની નીચે મણિમય સિંહાસન (પ્રાતિહાર્ય નં.૨, હવે પછીના શ્લોક - ૨૯માં આવશે) પર બેસીને ભગવાન ધર્મની દેશના (પ્રાતિહાર્ય નં.૮, દિવ્યધ્વનિ, શ્લોક - ૩૫માં આવશે) આપે છે ત્યારે તેમનું મુખમંડલ અનેરી આભા (પ્રાતિહાર્ય નં.૭, શ્લોક - ૩૪માં આવશે) થી ચમકતું હોય છે. ઉપર નીલવર્ણી અશોકવૃક્ષની ઘટા અને નીચે તેમનું અનેરી આભાવાળું દેદિપ્યમાન મુખ ! સ્તોત્રકાર સૂરિજી કહે છે કે મેઘમંડલ (વર્ષાઋતુના વાદળાઓ) કૃષ્ણવર્ણનું હોય છે. તેની નજીકમાં સર્વ અંધકારનો નાશ કરનાર પ્રકાશવંત સૂર્ય આવી જાય તો તે કેવો સુંદર લાગે ? દેશના સમયે અશોકવૃક્ષ નીચે રહેલું ભગવાનનું મુખમંડલ પણ એવું જ સુંદર લાગે છે.

ઘેરા લીલારંગના અશોકવૃક્ષ નીચે બિરાજમાન એવા પ્રભુને ઘરના મોભ ઉપર પ્રકાશતા સૂર્યની

ઉત્પ્રેક્ષાથી નવાજ્યા છે. સૂર્ય પ્રકાશિત છે તેમ પ્રભુ પણ આત્માની અત્યંત પવિત્ર (પરમ વિશુદ્ધ) અવસ્થા થવાથી સ્વયં પ્રકાશિત છે. (કેવલજ્ઞાનરૂપે). સૂર્ય તેની આસપાસ વીંટળાયેલા વાદળોથી ફેલાતા અંધકારને પોતાના તેજસ્વી કિરણોથી દૂર કરે છે, તેમ જ પ્રભુ રૂપી સૂર્ય કર્મરૂપી વાદળોથી ફેલાતા અજ્ઞાનરૂપી અંધકારને પોતાની દિવ્ય દેશનારૂપી કિરણોથી દૂર કરે છે. લૌકિક સૂર્ય ઘરના મોભ પર પ્રકાશે છે ત્યારે પ્રભુરૂપી સૂર્ય સમવસરણના મુખ્ય અંગ એવા અશોકવૃક્ષરૂપી મોભ પર પ્રકાશે છે. આમ, ઘરના મોભ પર પ્રકાશી અંધકારને નસાડતા સૂર્યના કાર્યમાં અને સમવસરણના અશોકવૃક્ષ નીચે પ્રકાશી જીવોના અજ્ઞાનરૂપી અંધકાર અને કર્મરૂપી મેલનો નાશ કરનારા પ્રભુના કાર્યમાં અજબ પ્રકારનું સામ્ય છે. ઉદયભાવોની વચ્ચે પ્રભુનું કેવળજ્ઞાન ક્ષાયિકભાવે શોભી રહ્યું છે.

"અ(=ન)શોક" એટલે 'શોક રહિત'ના બે અર્થ થાય છે : (૧) જે સ્વયં શોકથી રહિત છે અને (૨) જેની સમીપ આવનારના શોક-સંતાપ પણ દૂર થઈ જાય છે. પરમાત્મા સ્વયં મોહનીય કર્મથી મુક્ત હોવાથી શોક રહિત છે અને તેમની સમીપ આવનારના અજ્ઞાન અને કર્મરૂપી શોક-સંતાપ પણ ટળી જાય છે. હે પ્રભો ! આપની સમીપમાં પ્રસન્નતાથી ખીલી રહેલું આ 'અશોક' વૃક્ષ જોતાં અમને તો એમ થાય છે કે અહા ! પરમાત્માની સમીપતા પામીને આ ઝાડ પણ અ - શોક, શોક વગરનું થઈને પ્રસન્નતાથી ખીલી ઊઠ્યું તો પછી અમારા જેવા ચેતનવંતા જીવો શોક રહિત - અશોક કેમ નહીં થાય ? પ્રભો ! આપનું સાન્નિધ્ય પામીને અમે પણ પ્રસન્નતાથી આનંદિત થઈને ખીલી ઊઠ્યા છીએ. આપની પાસેનું ઝાડ 'અશોક' થયું તો આપની પાસે આવેલા ભવ્ય જીવો 'અશોક' થઈ જાય એમાં શું આશ્ચર્ય !

પ્રભુના દેદિપ્યમાન શરીરમાંથી નીકળતા કિરણો ઊંચા અશોકવૃક્ષના પાંદડા પર પડતા, પાંદડાનો ઘેરો નીલો રંગ જાણે આછો બની જાય છે. તે પરમાર્થથી એમ સૂચવે છે કે કોઈ ભારેકર્મી જીવ તીર્થંકર પ્રભુના સાન્નિધ્યમાં આવશે, તે તેમના પ્રભાવથી હળુકર્મી બનીને જશે. હે પ્રભુ ! આપની દિવ્યપ્રભાના તેજ પાસે આ અશોકવૃક્ષ પણ નિસ્તેજ-રંગવગરનું-નીરાગી બની ગયું. તો પછી આપના સાન્નિધ્યથી ચેતનવંતો કયો જીવ નીરાગીતા-વીતરાગતા નહીં પામે ? આપનો ઉપદેશ જીવોને વીતરાગતા કરાવે છે, ને રાગનો રંગ (સંસાર) ઉખાડી દે છે ('કલ્યાણમંદિર' સ્તોત્ર-૨૪).

જો કે આત્મા અને શરીર તો જુદાં છે, છતાં આશ્ચર્ય છે કે જ્યાં આત્મા પૂર્ણ શુદ્ધ થયો ત્યાં શરીર પણ શુદ્ધ (મલિનતા વગરનું) થઈ ગયું. આત્મામાં કેવળજ્ઞાનમય ચૈતન્યપ્રકાશ ખીલ્યો ત્યાં સાથેનું શરીર પણ અલૌકિક દેદિપ્યમાન કાંતિથી પ્રકાશી ઊઠ્યું. તેમ જ આસપાસ પણ દિવ્ય રચનાઓ (અતિશયો અને પ્રાતિહાર્યો) થાય છે.

અશોકવૃક્ષ એ દૈવી રચના છે. અધ્ધર આકાશમાં જમીન કે મૂળિયાં વગર આવડું મોટું ઝાડ (અશોકવૃક્ષ) એ તો પ્રભુનો જ અતિશય (પ્રાતિહાર્ય) ! તેની ઊંચાઈ તીર્થંકર પ્રભુના દેહમાન કરતા ૧૨ ગણી હોય છે. ભગવાન ઋષભદેવનું શરીર ૫૦૦ ધનુષ ઊંચુ હતું, તેનાથી ૧૨ ગણું એટલે ૬૦૦૦ ધનુષ (અર્થાત્ ૬૦,૦૦૦ ફુટ, હિમાલય કરતા બમણાથી વધારે ઊંચુ) તે અશોક વૃક્ષ છે. આપણને આ વાત આશ્ચર્યકારી લાગે, પરંતુ ઋષભદેવના સમયમાં બધી રચનાઓ આવી મહાન (ખૂબ મોટા સ્કેલવાળી) હતી. પણ પછી અવસર્પિણી કાળને લીધે તેમાં હીનતા થતી ગઈ. અત્યારે તો સમવસરણની શોભા જોવાનું પણ આ ભરતક્ષેત્રમાં નથી મળતું. છતાં જાણે અસંખ્ય વર્ષો પહેલાના ઋષભદેવ અત્યારે સમવસરણમાં સાક્ષાત્ બિરાજતા હોય ને પોતે તેમની સન્મુખ સ્તુતિ કરતા હોય -

એવા અદ્ભુત ભાવો આ ભક્તામર સ્તોત્રમાં માનતુંગાચાર્યે ભર્યા છે. શ્રમણ ભગવંત શ્રી મહાવીર સ્વામી પછી સુધર્મા સ્વામીથી શરૂ થયેલ પરંપરામાં ૨૦મી પાટે ભોજરાજાના સમકાલીન શ્રી માનતુંગસૂરિજી થઈ ગયા.

પ્રભુને આત્મામાંથી મહાન કેવળજ્ઞાન ખીલવા માટે બહારના કોઈ સાધનની જરૂર ન પડી, સ્વયંભૂ પોતે જ કેવળજ્ઞાન રૂપે પરિણમ્યા. એ તો જગતનો સૌથી મહાન અચંબો છે, છતાં આપણે સૌ પણ એમ કરી શકીએ એવી શક્તિ આપણા બધાના આત્મામાં રહેલી છે.

અંતમાં સહુ ભવ્ય જીવો (નવકારમંત્રનું સ્મરણ અને ભક્તામર સ્તોત્રનું પારાયણ - સ્તુતિ કરનાર જીવો ભવ્ય જ હોય) વીતરાગ પ્રભુના શાસનમાં તેમની આજ્ઞામાં રહીને ગુરુગમે પોતાની કેવળજ્ઞાનાદિ અનંત શક્તિઓ કાળક્રમે પ્રગટાવે તેવી મંગલ ભાવના સાથે, જિનવાણીથી વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

## પુસ્તક સમાલોચના

– મિતેશભાઈ એ. શાહ

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

**[૧] પુસ્તકનું નામ : શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (ભાગ - ૧, ૨ અને ૩)**

**અનુગ્રહપ્રદાતા :** બા.બ્ર. પૂજ્યશ્રી ધીરજમુનિ મ.સા. • **પાના :** ૩૮૮ + ૪૦૪ + ૫૨૦

**મૂલ્ય :** જ્ઞાનાર્થે રૂ. ૩૦૦/- • **આવૃત્તિ :** દ્વિતીય

**પ્રાપ્તિસ્થાનો :** (૧) પી.એમ. ફાઉન્ડેશન ટ્રસ્ટ, રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૨૨૭૪૭૨
(૨) શ્રીમતી આશાબહેન એન. ઉદાણી, મુંબઈ મો. : ૦૯૯૨૦૧૨૬૧૫૧
(૩) શ્વેતા ફાર્મા, મુંબઈ. ફોન : ૨૨૦૧૦૩૩૫/૩૬

પાકું બાઈન્ડિંગ, આકર્ષક મુખપૃષ્ઠ, સારા કાગળનો ઉપયોગ થયેલો છે. પૂજ્ય મુનિશ્રીએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું ગુજરાતી ભાષામાં સરળ રીતે વિવેચન કરેલ છે. દરેક ગાથાના શબ્દાર્થ, ભાવાર્થ તથા વિવેચન આપવામાં આવ્યા છે. સંસ્કૃત-પ્રાકૃત ભાષાનો અભ્યાસ ન હોય તેઓને પણ આ ગ્રંથ સમજવામાં ઉપયોગી થશે.

**[૨] પુસ્તકનું નામ : ઊઠ, જાગ મુસાફિર !**

**લેખક - પ્રકાશન :** પ્રિ. અમીચંદભાઈ શા. પટેલ - 'સુમંગલમ્' ૫૧, લક્ષ્મીનારાયણ સોસાયટી, મહાવીરનગર, હિંમતનગર - ૩૮૩૦૦૧ ફોન નં. (૦૨૭૭૨) ૨૩૫૦૦૨

**આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૬ • **મૂલ્ય :** રૂ.૧૦૦/-

**પ્રાપ્તિસ્થાન :** કુસુમ પ્રકાશન, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૫૫૦૧૮૩૨

આ પુસ્તકમાં ૨૧ નિબંધો દ્વારા લેખકે સૌને શુદ્ધ, પ્રબુદ્ધ થવાનો શ્રેયોમાર્ગ દર્શાવ્યો છે. આ નિબંધો જીવનલક્ષી ચિંતનાત્મક છે. મહાપુરુષોના અવતરણો પ્રેરણાદાયક છે. આ પુસ્તકના વાચનથી અમૂલ્ય જીવનભાથું મળી રહે છે.

# અંતરચારિત્ર ગુરુરાજનું

વસુમતીબેન એન. શાહ

આત્મજ્ઞાનનો અખૂટ ખજાનો ધરાવતા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનું અંતરચારિત્ર ખૂબ જ વૈભવશાળી હતું. ચક્રવર્તીની રિદ્ધિ-સિદ્ધિ પણ ઝાંખી પડી જાય તેવું અંતરંગ ઐશ્વર્યનિધાન તેઓશ્રી ધરાવતા હતા.

આત્મસુખનો અનુભવ પામી ચૂકેલા આ મહાપુરુષનું જીવન ખરેખર અદ્ભુત હતું. આત્માની પરમ શાંત એવી ઉચ્ચ દશા તેઓશ્રીને પ્રાપ્ત થઈ હતી. આથી જ ગમે તેવી સાંસારિક પ્રવૃત્તિ હોય કે વ્યવસાયલક્ષી પ્રવૃત્તિ હોય, તેઓશ્રી આત્માની આરાધનામાં મગ્ન રહેતા હતા. આથી જ સંસારની કોઈ પણ ઘટનાનાં સુખ-દુઃખ કે વ્યાપારલક્ષી લાભ નુકસાનની વાત તેઓશ્રીને સ્પર્શતી ન હતી.

ગૃહસ્થવેશમાં રહેતા પરમકૃપાળુદેવ જેવા ઉચ્ચ કોટિનાં જ્ઞાની પુરુષને માત્ર સાત વર્ષની બાળવયે જાતિસ્મરણજ્ઞાન થયું હતું. પરમકૃપાળુદેવની સ્મરણશક્તિ અદ્ભુત તો હતી જ, તેમાં જાતિસ્મરણજ્ઞાન થતાં પૂર્વભવોનું સ્મરણ થતાં બાળવયે વૈરાગ્યનાં ભાવો જાગૃત થયા હતાં.

આથી કિશોરાવસ્થામાં પ્રવેશતા જ તેઓનાં વૈરાગ્યવાસિત હૃદયમાંથી ચિંતનલક્ષી કથનો સ્ફુરવા લાગ્યા હતા, અને 'પુષ્પમાળા'ની રચના કરી, આ પુષ્પો ગૂંથી લીધા હતા. "પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર." "જિંદગી ટૂંકી છે અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે."

જીવન પ્રત્યેનું અગાધ ચિંતન બુદ્ધિની પરિપક્વતાને કારણે જ ઉદ્ભવ્યું હતું, પરિણામે આવી ડહાપણભરી વાતો લખી શક્યા હતા. આવી સનાતન સત્યભરી વાત ત્યારે જ કહી શક્યા કે તેઓશ્રી સાંસારિક જંજાળ અને મૃત્યુના ભયથી પર હતા. આથી જ સવારમાં ઉઠતાની સાથે જ મૃત્યુના ચિંતવનની વાત કહી શક્યા હતાં.

વળી, માત્ર સોળ વર્ષ, પાંચ માસની ઉંમરે 'મોક્ષમાળા' નામની ઉત્તમ કૃતિની રચના કરી, તત્ત્વના ગહન વિષયોની છણાવટ કરી છે. તેમાં જૈન ધર્મના ઉચ્ચ સિદ્ધાંતોનું વિશ્લેષણ કરી સરળ ભાષામાં આ સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે. વળી, વૈરાગ્ય અને સંયમનાં ભાવો વધુ દૃઢ બને તે માટે બાર ભાવનાનું નિરૂપણ સુંદર રીતે કર્યું છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં ઉપલબ્ધ અનાથીમુનિની કથા, નમિરાજર્ષિની કથા તથા મૃગાપુત્રનાં ચારિત્ર્યનું વર્ણન ખૂબ જ સરળ અને હૃદયસ્પર્શી રીતે કર્યું છે.

સામાન્ય માણસ કદાચ આ આગમોનો અભ્યાસ ન કરી શકે અથવા અર્ધમાગધી ભાષામાં આલેખાયેલી પ્રભુ મહાવીરની અંતિમ દેશના ન સમજી શકે તો 'મોક્ષમાળા'માં પ્રાપ્ત થયેલ આ બોધધારા, સંયમ અને વૈરાગ્યનાં ભાવો ઊર્ધ્વગામી બનાવી શકે.

પૂર્વનાં બળવાન સંસ્કારને લીધે તથા તેઓશ્રીની ઉચ્ચ જ્ઞાનદશાને લીધે સ્મરણશક્તિ અદ્ભુત હતી જ, સાથે અનેક વિશિષ્ટ પ્રકારની લબ્ધિ પણ પ્રાપ્ત થયેલ હતી. પરમકૃપાળુદેવે યુવાવસ્થામાં કરેલ અવધાન પ્રયોગ તેમની આ જ્ઞાનશક્તિનાં ચમત્કાર સ્વરૂપ ઉદાહરણ છે. અષ્ટ અવધાનથી વધતી વધતી આ શક્તિ સો અવધાન સુધી પહોંચી હતી. પરિણામે તેઓશ્રી શતાવધાની તરીકે વિશ્વના અનેક દેશોમાં પ્રખ્યાત બન્યા હતા. દેશવિદેશમાં તેઓશ્રીની કીર્તિ પ્રસરી ચૂકી હતી આથી વિદેશોમાં પધારી અવધાનનાં પ્રયોગો કરવા માટે નિમંત્રણો મળતા હતા.

જ્યારે પરમકૃપાળુદેવને લાગ્યું કે આ જ્ઞાન આત્મિક વિકાસમાં બાધારૂપ નિવડે તેમ છે ત્યારે આ વૈરાગ્યવંત મહાપુરુષે આ પ્રસિદ્ધિ અને કીર્તિ અપાવે એવી માનસન્માનભરી જિંદગી સમેટી લઈ અવધાનના પ્રયોગો તથા જ્યોતિષી વિદ્યાના પ્રયોગો પણ બંધ કરી દીધા હતા.

દિવસે દિવસે તેઓશ્રીના જીવનમાં સ્વ સ્વરૂપનું અનુસંધાન વધતું જતું હતું. મુક્તદશાની ઝંખના વધતી જતી હતી. કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ વિશે તેઓશ્રીનું વર્તન રાગદ્વેષ રહિત જ હતું. સંયમના ભાવો અભિવૃદ્ધિ પામતા જતા હતા.

અખંડપણે નિર્વિકલ્પ દશાની ભાવના વધતી જતી હતી આથી સતત નિવૃત્તિકાળ અને નિવૃત્તિક્ષેત્રો વિશે વિચારતા હતા.

વૈરાગ્યના ભાવો જેમ વધુને વધુ દૃઢ બનતા જતા હતા તેમ તેમ જાત અને જગત પ્રત્યે તેઓશ્રીનું વલણ સર્વથા રીતે ઉદાસીન રહેતું હતું. પરિણામે ચોવીસ વર્ષની ભરયુવાન વયે સમક્તિ પ્રાપ્ત થયું હતું. આ વાત પત્રાંક-૧૭૦માં શ્રી સોભાગભાઈને લખી જણાવી હતી, "આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે."

આમ, જાતિસ્મરણ જ્ઞાનથી આરંભાયેલી આ યાત્રા લગભગ કેવળની ભૂમિકા સુધી વર્ધમાન થઈ હતી.

આ જ્ઞાનવિકાસની સંપૂર્ણ ઘટનાનો ઉલ્લેખ ખુદ પરમકૃપાળુદેવે 'ધન્ય દિવસ' નામનાં કાવ્યમાં કર્યો છે. ૧૯૪૨માં પ્રગટેલી વૈરાગ્યધારા વધતી વધતી ૧૯૪૭માં શુદ્ધ સમક્તિરૂપે પ્રગટી હતી. પરિણામે તેઓશ્રીના જીવનમાં વૈરાગ્ય, ઉપશમ અને ઉદાસીનતાના પરિણામો વર્ધમાન થતા જતાં હતાં.

હાથનોંધ - ૧માં ઉપલબ્ધ માહિતી મુજબ -"ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે." તેમજ "અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે." આ પંક્તિનો અભ્યાસ કરતાં સ્પષ્ટ જણાય છે કે પૂર્વેનાં કર્મો ઉદયમાં આવતાં પરમકૃપાળુદેવને પણ સંસારની તથા વ્યાપારલક્ષી પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રહેવું પડતું હતું.

વૈરાગ્યથી પ્રાપ્ત થયેલ નિર્વિકલ્પ અવસ્થા તો તેઓશ્રીને સાધ્ય હતી, પરંતુ સંયમ લઈ, નિવૃત્તિ પામવાની અને અખંડપણે નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરવાની ઝંખના ઉત્કૃષ્ટપણે વર્તતી હતી, જે આ સમયે શક્ય ન હતું. સમયાંતરે કર્મ-ઉદય મંદ થતાં સ્વ અંતરંગ દશા સ્પષ્ટ કરતાં તેઓશ્રી લખી જણાવે છે,

"આવી અપૂર્વ વૃત્તિ અહો, થશે અપ્રમત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહ વિયોગ રે."

આવી જ વાત તેઓશ્રીએ 'અપૂર્વ અવસર' કાવ્યની અંતિમ પંક્તિમાં લખી છે,

"તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો."

અહીં પરમકૃપાળુદેવની વર્ધમાન થતી ભાવદશાની સાથે સાથે એકાવતારી હોવાનું પણ સૂચન ગર્ભિત રીતે કરી દીધું છે.

પરમકૃપાળુદેવના અંતરંગ ભાવદશાનો વૈભવ વચનામૃતમાં ઠેર ઠેર પથરાયેલો જોવા મળે છે. આમ, અસંગ ભાવદશાને લીધે સર્વસંગપરિત્યાગની તૈયારી, અલૌકિક આનંદ પ્રાપ્ત થયેલ આત્મસ્વરૂપમાં સ્થિરતા અને પરિણામે દેહ છતાં દેહાતીત દશાનો અનુભવ, પરમશાંત શુદ્ધ સહજાત્મ સ્વરૂપનું રટણ, નિર્વિકલ્પ સમાધિદશાને પરિણામે 'તૂ હિ તૂ હિ' સુધીની વર્ધમાન થયેલી આત્મિક વિકાસની સ્થિતિ જોતાં આ મહાપુરુષનાં જીવનમાં આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્મરમણતા જેવા ગુણો પ્રગટપણે જોવા મળે છે, પરિણામે સંસારમાં રહીને પણ જાત અને જગત પ્રત્યે સાવ ઉદાસીનતા વર્તતી હતી. પત્રાંક-૨૭૭માં જણાવે છે, "ચિત્ત ઉદાસ રહે છે; કંઈ ગમતું નથી; અને જે કંઈ ગમતું નથી તે જ બધું નજરે પડે છે... કાંઈ વાંચન, લેખન કે જનપરિચયમાં રુચિ આવતી નથી."

પત્રાંક-૨૯૮માં પરમકૃપાળુદેવ પોતાની વીતરાગી દશા વિષે લખતાં જણાવે છે, "વીતરાગતા વિશેષ છે, એટલે ક્યાંય સાતું નથી, લોકસંગ રુચતો નથી."

પત્રાંક-૩૬૮માં નોંધે છે, "... પણ મોક્ષ તો કેવળ અમને નિકટપણે વર્તે છે, એ તો નિઃશંક વાર્તા છે."

આમ, વૈરાગ્ય પ્રગટતાં જ પરમાર્થે સંવેગ અને નિર્વેદ ઉપજતાં અદ્‌ભુત સમાધિદશા પ્રાપ્ત થઈ હતી. પરિણામે જગતની વિસ્મૃતિ વધતી જતી હતી. ઉદાસીનતા વધતી જતી હતી. આથી જ "સકળ જગત તે એંઠવત્" જેવા શબ્દો તેમના હૃદયમાંથી સરી પડે છે. વળી, પત્રાંક -૨૧૪માં લખ્યું છે,

"આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીનભાવ વર્તે છે; તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત્ છે." પત્રાંક-૩૫૭ અને ૩૭૭માં આ જ વાતનો પડઘો પડે છે, "જગતનાં બીજા પદાર્થો તો અમને કોઈ રુચિનાં કારણ રહ્યા નથી."

આમ, તેઓશ્રીને બાહ્ય જગતનું કોઈ વિશેષ મૂલ્ય ન હતું. આથી જ બાહ્ય જગત પ્રત્યે ઉદાસીનતા તથા અસંગપણાનાં ભાવ વર્તતા હતા. કારણ કે પરમકૃપાળુદેવનો અંતરંગ ભાવદશાનો ખજાનો પરમ આનંદ અને પરમ સુખથી ભરેલો હતો.

વળી, 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' અને 'અપૂર્વ અવસર' જેવી સ્વાનુભૂતિમાંથી પ્રગટેલી આ અમર કૃતિઓમાં તો અખંડ પરમાનંદનો જ્ઞાનસભર ખજાનો ખુલ્લો મૂકી દીધો છે.

જે સમયે ધર્મક્ષેત્રે આત્મજ્ઞાનની તથા આત્મિક વિકાસની વાતો વિસરાઈ ચૂકી હતી, તે સમયે કૃપાળુદેવે 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' જેવી અનુપમ કૃતિનું સર્જન કરી ઠેર ઠેર આત્મલક્ષી ધર્મની પ્રરૂપણા કરી. તે સમયે આવી શ્રેષ્ઠ કૃતિને ખૂબ સારો પ્રતિભાવ સાંપડ્યો, અને આત્મસ્વરૂપ વિષેની જાગૃતિ વધવા લાગી.

હાલ સવાસો વર્ષ બાદ પણ આવી ઉચ્ચ કોટિની રચનાનું માહાત્મ્ય વધતું જાય છે. વિશ્વભરના દેશોમાં આ કૃતિનાં અભ્યાસ દ્વારા આત્મલક્ષી વિકાસ સાધવાનો પુરુષાર્થ વધતો જાય છે.

આત્માની મુક્તદશા પ્રાપ્ત કરવા માટે સદ્ગુરુની પ્રાપ્તિ જરૂરી છે. તેઓશ્રીએ સદ્ગુરુની આજ્ઞાનું આરાધન, નિરંતર, સત્સંગ, સત્પુરુષોનાં ચરણનાં શરણનું અનેરું માહાત્મ્ય ચરિતાર્થ કર્યું છે. આમ, આટલું જ પૂરતું ન હોય તેમ ખુમારીપૂર્વક એલાન કરે છે, "બીજું કાંઈ શોધ મા. એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે."

આમ, દઢ મનોબળ, સૌમ્ય મુખમુદ્રા અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા આ આત્મજ્ઞાની મહાપુરુષનાં રોમરોમમાં આત્મ-અનુભવનો આનંદ પ્રગટતો હતો.

પત્રાંક-૧૫૨માં સ્વાનુભૂતિમાંથી પ્રગટેલાં આનંદને પામી ભાવવિભોર બનીને લખે છે, "જૈનમાં એમ કહે છે કે સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ધ્વજાથી બાર યોજન દૂર મુક્તિશિલા છે. કબીર પણ ધ્વજાથી આનંદ આનંદ પામી ગયા છે. તે પદ વાંચી પરમાનંદ થયો. પ્રભાતમાં વહેલો ઊઠ્યો ત્યારથી કોઈ અપૂર્વ આનંદ વર્ત્યા જ કરતો હતો. તેવામાં પદ મળ્યું; અને મૂળપદનું સ્મરણ થયું; એકતાન થઈ ગયું. અપૂર્વ આનંદ તો તેવો ને તેવો જ છે."

વળી, પત્રાંક - ૩૩૪માં પોતાનો અનુભવ લખતાં જણાવે છે, "દેહ છતાં મનુષ્ય પૂર્ણ વીતરાગ થઈ શકે એવો અમારો નિશ્ચલ અનુભવ છે. કારણ કે અમે પણ નિશ્ચયથી તે જ સ્થિતિ પામવાના છીએ, એમ અમારો આત્મા અખંડપણે કહે છે... પૂર્ણ વીતરાગની ચરણરજ નિરંતર મસ્તકે હો એમ રહ્યા કરે છે. અત્યંત વિકટ એવું વીતરાગત્વ અત્યંત આશ્ચર્યકારક છે; તથાપિ તે સ્થિતિ પ્રાપ્ત થાય છે, સદેહે પ્રાપ્ત થાય છે."

અહીં આપણને કૃપાળુદેવને પ્રાપ્ત થયેલી વીતરાગતા તથા આત્માના અનુભૂતિમાંથી પ્રગટેલાં આનંદના સ્વરૂપનું દર્શન થાય છે.

કૃપાળુદેવના અંતર ચારિત્ર્યનું શુદ્ધ, શાંત અને ઉત્કૃષ્ટ સ્વરૂપ પત્રાંક - ૮૩૩માં જોવા મળે છે, "સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિકલ્પ શો ? ત્યાં વિક્ષેપ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમ શાંત ચૈતન્ય છું."

પરમ ઉપકારી પરમકૃપાળુદેવની કરુણા તો એ છે કે આત્માના અનંત સુખનો અનુભવ પામ્યા બાદ મુમુક્ષુ જીવો પણ આ સુખ પામી શકે તે માટે સિદ્ધક્ષેત્રનું સરનામું બતાવી, ત્યાં પહોંચવા માટેનાં માર્ગ ઉપરનાં કંટકો દૂર કરી કેડી પણ કંડારી આપી છે.

આમ, સમસ્ત જગતના જીવોનું કલ્યાણ જેને હૈયે વસેલું હતું, તેવા પરમ પુરુષનો આશ્રય કરવાથી, તેઓશ્રીનાં વચનોમાં વિશ્વાસ કરવાથી સંસારની ભ્રાંતિ ભાંગી જાય છે અને પરિભ્રમણનાં ફેરા ટળી જાય છે.

# સૌની આરોગ્ય સેવાને સમર્પિત સંસ્થાનું મેડિકલ સેન્ટર

ઔષધદાનને આગમોક્ત ઉત્તમ કક્ષાનું દાન કહેવામાં આવ્યું છે. પૂ. સંતશ્રી આત્માનંદજીની પ્રેરણા અને વાત્સલ્યથી શરૂ થયેલ નૂતન આરોગ્ય કેન્દ્ર આ વર્ષે ડિસેમ્બર-૨૦૧૬માં ૫ વર્ષ પૂરા કરશે. આ કેન્દ્ર આજે સંસ્થાના નિવાસી મુમુક્ષુઓ, પ્રવાસી મુમુક્ષુઓ, ગુરુકુળના બાળકો, સ્ટાફ-પરિવાર તેમજ આજુબાજુનાં અંદાજે ૧૫ ગામડાના જરૂરતમંદ દર્દીઓ માટે આશીર્વાદ રૂપ થઈ રહ્યું છે.

**પૂર્વભૂમિકા :** સંસ્થાની શરૂઆતથી આદ. ડૉ. રસિકભાઈ શાહે (સુરેન્દ્રનગર) પૂ. સાહેબના અંતેવાસી અને સંસ્થાના આરોગ્ય પ્રતિનિધિ તરીકે ખૂબ સુંદર સેવા કરી. તેમના દેહવિલય પછી પૂ. બહેનશ્રી (ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી)એ વર્ષો સુધી એક નાના ઓછી સગવડવાળા રૂમમાં આશરે બે દાયકા સુધી અત્યંત વાત્સલ્યભાવથી સમગ્ર સંસ્થા અને આજુબાજુના દર્દીઓની અથાગ સેવા કરી. ત્યારબાદ ડૉ. દેવેન્દ્રભાઈ શાહ સેવામાં જોડાયા. ડૉ. રાજેશભાઈ સોનેજી અને ડૉ. રાગિણીબેન પૂ. બહેનશ્રીની મદદે રહી સેવા કરતા.

**નૂતન મેડિકલ સેન્ટર :** આદ. ટ્રસ્ટીશ્રી પ્રકાશભાઈ એચ. શાહે સંસ્થાના વિકાસ સાથે અનુરૂપ અને સેવાના યજ્ઞમાં સમર્પિત નૂતન સેન્ટરની જરૂરિયાત પ્રમુખ શ્રી નીતિનભાઈ સમક્ષ મૂકતાં જ શ્રી નીતિનભાઈ પારેખે તેને વધાવી લીધી અને સંસ્થાના નવા બની રહેલ ઑફિસ બિલ્ડીંગ સાથે જાણીતા આર્કિટેક્ટ આદ. શ્રી કમલ મંગલદાસની રાહબરી હેઠળ નવા પ્રોજેક્ટનો આકાર બની ગયો.

આ નૂતન સેન્ટરના પાયામાં મુખ્ય દાતાશ્રી નવીનભાઈ અને ઊર્મિલાબેન શાહ(મુંબઈ) તથા તેમના સુપુત્ર શ્રી અજયભાઈના પરિવારે સંસ્થાની આર્થિક ચિંતા હળવી કરી નાખી તેમજ અન્ય ઘણા મુમુક્ષુ સાધકોની મદદથી ૩ રૂમનું મેડિકલ સેન્ટર કાર્યાન્વિત થઈ ગયું.

**હાલની સેવાઓ :** હાલ સંસ્થામાં સોમવારથી શનિવાર બપોરે ૩.૩૦ થી ૫.૩૦ ડૉ. મોહિતભાઈ શાહ (M.B.B.S.) સેવા આપે છે તેમજ ડૉ. આલાપ શાહ (ઓર્થોપેડિક્સ), ડૉ. મનીષ જોષી (ઓપ્થેલ્મોલોજીસ્ટ), ડૉ. દેવેન્દ્રભાઈ શાહ (પીડીયાટ્રીક્સ) અને ડૉ. કૌસ્તુભ ભાડ (ડેન્ટીસ્ટ) અઠવાડિયામાં એક દિવસ સેવા આપે છે.

પેશન્ટ પાસે રૂ.૧૦/-ના કુલ ચાર્જમાં કન્સલ્ટેશન સાથે બે દિવસની દવા આપવામાં આવે છે. એ સાથે પ્રાથમિક સારવાર, ઈન્જેક્શન, ઓક્સિજન, નેબ્યુલાઈઝર, સુગર ટેસ્ટ, ઈ.સી.જી., ટાંકા લેવાની વ્યવસ્થા, ડેન્ટલ ટ્રીટમેન્ટ, ડ્રેસિંગ તેમજ લગભગ બધી જ પ્રાથમિક કક્ષાની દવાઓ ઉપલબ્ધ છે.

પેથોલોજી ટેસ્ટ ૩૦ % ડિસ્કાઉન્ટથી કરી આપવામાં આવે છે. સંસ્થાના ગુરુકુળના બાળકો, સ્ટાફ, બાનું ઘર (કસ્તુરબા આશ્રમ)ની બહેનો અને અતિ ગરીબ દર્દીઓ માટે આ સેવાઓ નિઃશુલ્ક છે.

જે દર્દીઓને મોતિયો તેમજ અન્ય કોઈ પ્રકારના ઑપરેશનની જરૂર હોય તેને રાહતદરે સંસ્થાના પરિપત્ર ઉપર ભલામણચિઠ્ઠી આપી મેડિકલ સેન્ટરના દાતાઓના સહયોગથી ઑપરેશન કરાવી તે રકમ ચેકથી જે તે ડૉક્ટર સાહેબને ઑપરેશન પછી યોગ્ય પ્રમાણ સાથે મોકલી અપાય છે. છેલ્લા ૩ વર્ષના અંદાજિત ૨૭૦ જેટલા ઑપરેશનો સંસ્થાની મદદ વડે થયા છે.

ગુરુકુળના બાળકોની વિશેષ કાળજીરૂપે તેમને નિયમિત વિટામીન ડી., આયર્ન, પ્રોટીન તેમજ ચામડીના રોગોથી બચવા માટે દવાઓ શ્રી નરેશભાઈ (ગૃહપતિ)ના વડપણ હેઠળ આપી તેનો રેકોર્ડ રખાય છે. આ સેન્ટરમાં હાલ વાર્ષિક અંદાજિત ૪૦૦૦થી ૫૦૦૦ પેશન્ટની સારવાર પૂરી પાડવામાં આવે છે.

**વિશેષ પ્રવૃત્તિ :** આપણી સંસ્થામાં ચાલતા આ સેન્ટર દ્વારા અંદાજિત ૫ મોટા મેડિકલ કેમ્પ થયેલ છે. (દર્દીની સંખ્યા કેમ્પ દીઠ લગભગ ૭૦૦) જેમાંથી એક કેમ્પ હાંસોલ ગામે આયોજિત થયેલ. પૂજ્યશ્રીના જન્મમંગળદિને ૧૫ વાર્ષિક રક્તદાન કેમ્પ, નેત્રયજ્ઞ, થાઈરોઇડ નિદાન કેમ્પ તેમજ આકસ્મિક સારવારની અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા ખૂબ મોટા પ્રમાણમાં દર્દીઓને મદદ થઈ છે.

## વિશેષ આભાર :

- શ્રી સુધાબેન કુમુદભાઈ મહેતા પરિવાર : નૂતન આરોગ્ય કેન્દ્ર, કેમ્પ સહાય
- શ્રી શ્યામલ સુયોગ ટ્રસ્ટ : દવા સહાય
- શ્રી હંસાબેન કિશોરભાઈ નાથાલાલ શાહ (ખાર-મુંબઈ) : દાંતનો વિભાગ
- શ્રી જયંતીભાઈ જોબાલિયા (પૂના) : સેવા સહયોગ
- શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ પરિવાર : સેવા સહયોગ, કેમ્પ સહાય
- શ્રી ડૉ. રમેશ લાલા, ડૉ. ગોવિંદભાઈ પટેલ : મેડિકલ સેવા
- શ્રી ડૉ. અજયભાઈ ભોગીલાલ શાહ (ઓર્થો.) : મેડિકલ સેવા
- શ્રી ડૉ. આનંદ, શ્રી રોનકભાઈ : મેડિકલ સેવા
- શ્રી ચીમનભાઈ કોઠારી, શ્રી હસમુખભાઈ છેડા : સેવા સહયોગ
- શ્રી દિનેશભાઈ બાવીસી, શ્રીમતી વિનોદિનીબેન : સેવા સહયોગ

મેડીકલ સેન્ટરની પ્રવૃત્તિની વિશેષ માહિતી માટે સંસ્થાની વેબસાઈટ જોવા વિનંતી છે.

## આપ આરોગ્યકેન્દ્રને કેવી રીતે સહાયરૂપ થઈ શકો ?

(૧) કેન્દ્રનો માસિક ખર્ચ અંદાજિત રૂ. ૩૫,૦૦૦/- પ્રતિમાસ છે, તેમાં સહાયરૂપ થઈને.

(૨) જરૂરી સાધનો / દવાઓ મોકલીને.

(૩) ગરીબ દર્દીને ઑપરેશન સહાય : રૂ. ૭,૦૦૦/- પ્રતિ ઑપરેશન.

(૪) આગામી કેમ્પના આયોજનમાં સહભાગી થઈને.

## સંપર્કસૂત્રો :

- ડૉ. રાજેશભાઈ સોનેજી - ૯૮૨૪૦૪૭૬૨૧
- શ્રી દિનેશભાઈ બાવીસી - ૯૬૩૮૪૮૪૬૫૫
- મેનેજર-શ્રી વિજયભાઈ પટેલ - ૭૬૯૮૭૫૭૩૧૯
- શ્રી નીતાબેન લોઢીયા - ૯૭૨૩૩૫૦૩૬૯,
- ડૉ. રાગિણીબેન શાહ - ૯૪૦૮૫૦૭૮૫૮,
- સંસ્થા (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૪૮૪
- **Web :** www.shrimadkoba.org
- **E-mail :** mail@shrimadkoba.org

# જીવનકળા : દિવાળી પુસ્તિકા

## વિ. સં. ૨૦૭૩

(૧) કવર સાથે **'જીવનકળા'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૬/- (છ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે.
નામ-સરનામું છાપવાનો ખર્ચ : ● ૫૦૦ પુસ્તિકાઓ - રૂા. ૨૪૦/- ● ૧૦૦૦ પુસ્તિકાઓ - રૂા. ૪૮૦/-

(૩) ઓર્ડરફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે મોકલવાની રહેશે.

(૪) તા. ૨૫-૧૦-૨૦૧૬ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું.

### દિવાળી પુસ્તિકા માટેનું ઓર્ડરફોર્મ

**કેટલા નંગનો ઑર્ડર છે ? ____________ નામ છાપવાનું છે ? _______હા/_______ના**

**નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.**

**તમારું ઇ–મેલ એડ્રેસ :______________________________ ફોન: ________________**

### નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.

## સંપર્કસૂત્રો :

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્ગુરુપ્રાસાદ** -પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૮૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રૂટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

**BANGLORE**

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

**CHENNAI**

**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

**HIMATNAGAR**

**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

**LAXMIPURA**

**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**LIMBDI**

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

**PUNE**

**શ્રી શૈલેષભાઈ પ્રતાપભાઈ મહેતા**
ફોન : (૦૨૦) ૨૪૪૫૪૪૬૪, ૦-૯૭૬૩૭૨૮૨૮૯

**RAJKOT**

**શ્રી નરેન્દ્રભાઈ વૃજલાલ શાહ**
ફ્લેટ નં. ૨, કૃતિ ગોલ્ડ એપાર્ટમેન્ટ,
૪, બાલમુકુંદ પ્લોટ, નિરમલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૫૮૫૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯

**RAKHIYAL**

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩, ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧,૯૪૨૬૭ ૫૫૧૬૬

**VADODARA**

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

## OVERSEAS

**U. K. (0044)**

1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## દીપાવલી આરાધના શિબિરમાં પધારવા નિમંત્રણ

સંસ્થામાં તા. ૨૮-૧૦-૨૦૧૬ થી તા. ૩૧-૧૦-૨૦૧૬ દરમિયાન દીપાવલી આરાધના શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર દરમ્યાન ઉચ્ચ કક્ષાના સાધક આદ.શ્રી રમેશભાઈ દોશી (મુંબઈ)ની સ્વાધ્યાયશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. પૂજા-અભિષેક, મંત્રજાપ આદિ કાર્યક્રમો શિબિર દરમિયાન યોજાશે. સૌને પધારવા ભાવભીનું નિમંત્રણ છે.

## ડિસેમ્બરની ચતુર્દિવસીય આધ્યાત્મિક શિબિર

પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે સંસ્થા દ્વારા તા. ૧-૧૨-૨૦૧૬ થી તા. ૪-૧૨-૨૦૧૬ દરમિયાન ચતુર્દિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વાધ્યાય, ભક્તિ આદિ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. આત્મકલ્યાણ અર્થે શિબિરમાં પધારવા સૌને ભાવભીનું નિમંત્રણ છે. આપના આગમનની જાણ સંસ્થાના કાર્યાલયમાં અગાઉથી કરવા વિનંતી છે.

## હાર્દિક આમંત્રણ

સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ'ના નવા સંકુલને ૧૦ વર્ષ પૂર્ણ થાય છે. તે નિમિત્તે સંસ્થામાં આયોજિત ડિસેમ્બરની શિબિર (તા.૧ થી ૪ ડિસે.) અંતર્ગત તા. ૧-૧૨-૨૦૧૬ના રોજ સાંજે ગુરુકુળના બાળકોના લગભગ ત્રણ કલાકના ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે બાળકોને પ્રોત્સાહિત કરવા અને અમારા આનંદમાં અભિવૃદ્ધિ કરવા સૌને પધારવા ભાવભીનું નિમંત્રણ છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

| | | |
|---|---|---|
| • **મેડિકલ સેન્ટર :** | (૧) શ્રી શ્યામલ સુયોગ ટ્રસ્ટ, અમદાવાદ | રૂ. ૧,૯૭,૦૦૦/- |
| • **ગુરુકુળ :** | (૧) આદ. શ્રી ડૉ. રાજીવ વ્યાસ, યુ.એસ.એ. | રૂ. ૨૫,૦૦૦/- |
| | (૨) આદ. શ્રી મિનાક્ષીબેન વી. સંઘવી, મુંબઈ | રૂ. ૧૧,૦૦૦/- |
| • **ઓડિયો-વિડિયો :** | આદ. શ્રી પ્રમોદરાય ન્યાલચંદ શેઠ, અંજડ (મ.પ્ર.) | રૂ. ૫૧,૦૦૦/- |
| • **ભોજનાલય :** | આદ. શ્રી ડૉ. રાજીવ વ્યાસ, યુ.એસ.એ. | રૂ. ૧૧,૦૦૦/- |
| • **સાધક ઉત્કર્ષ :** | આદ. શ્રી ડૉ. રાજીવ વ્યાસ, યુ.એસ.એ. (સાધક ઉત્કર્ષ અને મેડિકલ સેન્ટર) | રૂ. ૧૦,૦૦૦/- |

## છાશકેન્દ્ર અને ચોપડા વિતરણના કાર્યનું સમાપન

આ વર્ષે શ્રી પ્રભુ-ગુરુની અસીમ કૃપાથી અને પૂજ્યશ્રીના આશીર્વાદથી તેમજ સર્વે દાતાઓ, મુમુક્ષુઓના સહયોગથી સંસ્થા દ્વારા ૬ ગામોમાં છાશકેન્દ્રો શરૂ કર્યાં હતા, જે ૬૫ દિવસ સુધી ચાલુ રહ્યા હતા. છાશકેન્દ્રો માટે ખૂબ સફળતાપૂર્વકનું આયોજન થયેલ હતું અને ખૂબ જ સારી રીતે સંપન્ન થયેલ છે.

બીજું આ વર્ષે કુલ ૨૦,૦૦૦ ફૂલસ્કેપ ચોપડા છપાવ્યા હતા, જેનું વિદ્યાર્થીઓને રાહતદરે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ બંને કાર્ય સફળતાપૂર્વક સંપન્ન કરવા બદલ સર્વેદાતાઓ, મુમુક્ષુઓ, સેવકો અને કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ અને આવા કાર્યો દર વર્ષે આ રીતે અવિરતપણે ચાલતા રહે અને સર્વેનો સહકાર પ્રાપ્ત થતો રહે એ ભાવના સાથે...

**વિશેષ આભાર :**

શ્રી રામજીભાઈ ચૌધરી (મંડાલીવાળા), શ્રી જોઈતારામભાઈ પરમાર (કોબા), શ્રી પ્રેમજીભાઈ ઠાકોર તથા રસોડાના સ્ટાફ (કોબા), શ્રી કાંતિભાઈ ઠાકોર (કોબા), શ્રી બાદરજીભાઈ ઠાકોર (કોબા), શ્રી વિષ્ણુભાઈ શકરાભાઈ રાવળ (જૂના કોબા), શ્રી હરિભાઈ ડાહ્યાભાઈ રાવળ (જૂનાકોબા), શ્રી શંકરભાઈ કેશાભાઈ રાવળ (નવા કોબા), શ્રી તરુણભાઈ વાઘેલા (નવા કોબા), શ્રી રામભાઈ ગગાભાઈ રાવળ (ઓમ શાંતિ) - બોરિયા તલાવડી, શ્રી કાનજીભાઈ ઠાકોર (વાઘોડા તલાવડી), શ્રી ગોપાલભાઈ ઠાકોર (નભોઈ), શ્રી બાબુભાઈ ઠાકોર (નભોઈ), શ્રી શકરાભાઈ ઠાકોર (નભોઈ), શ્રી નિલેશભાઈ દવે (કોબા), શ્રી નીતાબેન લોઢિયા (કોબા)

## સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વ મહોત્સવની આરાધના સાનંદ-સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૩૦-૮-૨૦૧૬ થી તા. ૬-૯-૨૦૧૬ દરમિયાન પૂજ્યશ્રી આત્માનંદજીની પાવન નિશ્રામાં શ્રી પર્યુષણ મહાપર્વની ઉજવણી ધર્મોલ્લાસપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ. યથાશક્તિ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની આરાધના દ્વારા મુમુક્ષુ ભાઈ-બહેનોએ સાત્ત્વિક આનંદનો અનુભવ કર્યો અને ધર્મનું ભાથું બાંધ્યું. આરાધનાનું સુંદર અને સફળ સંચાલન પ્રજ્ઞાવંત મુમુક્ષુ ભાઈ શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

● **સ્વાધ્યાય : પૂજ્યશ્રી આત્માનંદજી**એ હિતશિક્ષા આપતા જણાવ્યું કે જેમને સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન)ની પ્રાપ્તિ થાય છે તેઓના વ્યક્તિત્વમાં સમૂળગું પરિવર્તન આવી જાય છે. તેઓ આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં તૃપ્તિનો અનુભવ કરે છે અને તે દશાને વિશેષ વર્ધમાન કરે છે. તેઓ જિનેશ્વરના લઘુનંદન છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ વિના મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનીના હૃદયમાં શુદ્ધાત્માનો પ્રકાશ પ્રગટ થઈ, તેની દિન-પ્રતિદિન વૃદ્ધિ થઈ એક દિવસ પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ કરે છે. જેમને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય તેને દુનિયાના પદાર્થો - દુનિયાના સુખો સારા લાગતા નથી. સત્યનો આવિર્ભાવ થતાં સર્વ પ્રકારના મિથ્યાભાવો નષ્ટ થઈ જાય છે. નિશ્ચય સમ્યક્ત્વનો મહિમા લાવી તેને પ્રાપ્ત કરવા સત્પુરુષાર્થ કરવો. 'મિચ્છા મિ દુક્કડમ્'ની પ્રક્રિયા રૂઢિગત ન થઈ જાય તેનો ખ્યાલ રાખવો. મોક્ષમાર્ગ એટલે દુર્ગુણોની બાદબાકી અને સદ્ગુણોનો સરવાળો. જીવનને સરળ, સહજ અને મોક્ષમાર્ગી બનાવવું તે આપણું કર્તવ્ય છે.

બા.બ્ર.આદ. **પંડિતજી શ્રી સુમતપ્રકાશજી**એ ગમ્મત સાથે જ્ઞાનની શૈલીમાં, અનેક દૃષ્ટાંતો સહ ચિંતનાત્મક સ્વાધ્યાય આપ્યા હતા. 'જ્ઞાનસ્વભાવ' વિષય અંતર્ગત સ્વાધ્યાય આપતા તેઓશ્રીએ જણાવ્યું કે હું જીવ છું, મારામાં જ્ઞાન છે, હું જ્ઞાન વડે જ્ઞેયને જાણું છું. છાશના લોટા સમાન સંસારની ચિંતા ન કરો પણ ઘીના લોટા સમાન આત્માની સંભાળ રાખો. દરેક પરિસ્થિતિમાં સમભાવ રાખવા પ્રયત્ન કરો. પ્રસન્નતાના બળે ધ્યાનની સિદ્ધિ થશે. જેને 'હું જ્ઞાયક છું' તેવું સતત ભાન હોય તે જાગૃત છે. જ્ઞાન જ્ઞેયોને અપ્રાપ્યકારી છે. જે પાપના ત્યાગનો નિયમ (પ્રત્યાખ્યાન) લીધો નથી તો તત્સંબંધી પાપઆસ્રવ ચાલુ રહે છે. જ્ઞાન સ્વાશ્રયી છે, પરાશ્રયી નહિ. સ્વસન્મુખતાપૂર્વક જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ઈન્દ્રિયોનો તો અંતે નાશ થાય છે, પણ તે આત્માને બરબાદ કરી દે છે ! દર્શન અનાકાર છે, જ્ઞાન સાકાર છે. મતિજ્ઞાન અંતર્ગત 'ઈહા' મોક્ષમાર્ગનો પ્રાણ છે. આત્માને પ્રાપ્ત કરવો હોય તો સ્વદોષરક્ષા ન કરવી. જેને ધ્રુવ આત્માનો અંતરંગથી મહિમા આવશે તે દુનિયાની પરવા કરશે નહિ. સત્પુરુષાર્થ કરનારે કર્મના ઉદય સામે ન જોવું. જ્ઞાનમાં જ્ઞાયકનો અનુભવ કરે તેનું નામ સમ્યગ્દર્શન. દોષોને છુપાવીને મહાન બનવા ઈચ્છે છે તે બહિરાત્મા, દોષોનો નાશ કરવા ઈચ્છે તે અંતરાત્મા.

'લેશ્યાનું સ્વરૂપ' વિષય અંતર્ગત સ્વાધ્યાય આપતા પંડિતજીએ જણાવ્યું કે લેશ્યાના છ પ્રકાર છે; જેમાંની પ્રથમ ત્રણ અશુભ અને બાકી ત્રણ શુભ લેશ્યા છે - (૧) **કૃષ્ણ લેશ્યા :** જે ધર્મ કરતો નથી અને કરવા દેતો નથી. (૨) **નીલ લેશ્યા :** જે ધર્મ કરતો નથી પણ ધર્મ કરવા દે છે. (૩) **કાપોત લેશ્યા :** ધર્મ કરે છે, ધર્મ કરવા દે છે, પણ ધર્મનું સ્વરૂપ સમજતો નથી. (૪) **પીત લેશ્યા :** ન્યાયનીતિપૂર્વક કાર્ય કરે છે, ઉપયોગી કામ ઓછું અને અનુપયોગી કામ વધારે કરે છે. (૫) **પદ્મ લેશ્યા :** ઉપયોગી કામ કરવામાં ઉપયોગ લગાવે છે. (૬) **શુક્લ લેશ્યા :** પુણ્યપ્રમાણ પદાર્થો / સંયોગોમાં સંતુષ્ટ રહે છે.

ભારતનો પ્રાણ ધર્માત્માઓ છે. શ્રદ્ધા બદલાય તેને અનુરૂપ આચરણ પણ બદલાવું જોઈએ. જીવનમાં ચારેય અનુયોગોનો સમન્વય કરવો. ગુરુ સમક્ષ પારદર્શી બનવું. સમ્યક્ત્વના બળથી ધન ધૂળ સમાન લાગે છે. વિકારીભાવો આતંકવાદી છે, જે આત્માના અનંત સુખને લૂંટે છે. મોટી પદવી ધારણ કરીને ખોટાં કામ કરવા નહિ. સન્માર્ગે ચાલતાં કોઈક વાર પડી જવાય તો પણ તે સફળતા છે ! પૂર્વભવોમાંથી પાપ-પુણ્યનું ટિફિન લઈને જીવ આવે છે તેનો શાંતભાવે સ્વીકાર કરવો. પોતાની ભૂલનો સ્વીકાર કરવો તે મોક્ષમાર્ગનું મોટું કદમ છે. 'સાફ રહો, સફાઈ મત દો.' સાધનાથી સંતુષ્ટ ન થવું, પણ આગળ વધવાની તમન્ના રાખવી. તત્ત્વાભ્યાસ સતત કરતા રહો. બાળકોને વારસામાં સંસ્કાર આપો. પાપીઓના પુણ્યના ઉદયને જોઈને તેમને આદર્શ ન બનાવવાં. ધર્માત્માઓ સંકટમાં દેખાવા છતાં તેમના પર અવિશ્વાસ ન રાખવો.

આદ. **પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈ**એ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે ભીતરની દુનિયાની તપાસ કરવાનું પર્વ એટલે પર્યુષણ. બહારની વ્યસ્તતા અને રાગદ્વેષ છોડી અંતરમાં ડોકિયું કરવાનું આ પર્વ છે. પર્યુષણ પર્વ એટલે આત્મજાગૃતિનું પર્વ, પોતાની જાત સાથે વાત કરવાનું પર્વ. જીવનમાંથી અહંકાર, પ્રમાદ, આળસ, ક્રોધ વગેરે દોષો જાય ત્યારે ખરા અર્થમાં આપણા જીવનમાં પર્યુષણ ચાલુ થાય. શ્રદ્ધા વગર માનવીનું જીવન વ્યર્થ છે. મર્ત્યમાંથી અમર્ત્ય તરફ ગતિ કરવાની છે. આંતરપરિવર્તનનું આ મહાન પર્વ છે. અધ્યાત્મ એ પ્રસન્નતાનો ફુવારો છે. આપણે ગુરુ પાસેથી દિવ્યવિચારરૂપી અંજન આંજવાનું છે.

આદ. **બા.બ્ર. શ્રી સુરેશજી**એ બોધિદુર્લભભાવના, પ્રાયશ્ચિત્ત, સામાયિક, પ્રછન્નદોષ, સત્પુરુષાર્થ

વગેરે વિષયો પર ચિંતનાત્મક સ્વાધ્યાય આપતા જણાવ્યું કે આ વિશ્વમાં સત્‌બોધ અને બોધને આપવાવાળા બુદ્ધ પુરુષો મળવા દુર્લભ છે. સત્પાત્રતા હોય તો સદ્‌ગુરુનો બોધ કાર્યકારી નીવડે છે. ધર્મની આરાધના મન પ્રાપ્ત થવાથી થાય છે. તીવ્ર વૈરાગ્ય વિના બોધ પરિણામ ન પામે. વૈરાગ્યવાન જીવો જે નિમિત્તોથી શાંતિભંગ થાય તેનાથી દૂર રહે છે. અનંતકાળના કુસંસ્કારો આલોચના અને પ્રાયશ્ચિત્તથી નષ્ટ થઈ જાય છે. અપરાધની શુદ્ધિ કરવી તેનું નામ પ્રાયશ્ચિત્ત. પ્રાયશ્ચિત્ત ચાર ચરણમાં થાય છે - આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને દંડ. સાધનાનું મૂળ સામાયિક છે. પાપોથી નિવૃત્ત થઈને સમતાભાવમાં રહેવાનો અભ્યાસ એટલે સામાયિક. સામાયિકમાં અંતર્મુખતાનો અભ્યાસ કરવાનો છે. પોતાની દશા પ્રત્યે ભ્રમ રહેવો તે દોષ છે. કોઈના નિમિત્તે કષાયભાવો ન કરવાં. સત્પુરુષાર્થ ભવિતવ્યતા અને યોગ્યતા અનુસાર થાય છે. ઉપાદાનને જાગૃત કરવાનો પ્રયત્ન કરવો તેનું નામ પુરુષાર્થ. પ્રથમ આત્મસ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ.

આદ. **શ્રી અશોકભાઈ પી. શાહે** વચનામૃત પત્રાંક - ૪૩૭ના આધારે મનનીય સ્વાધ્યાય આપ્યો હતો. આત્માના નીચેના લક્ષણોનું વર્ણન તેઓશ્રીએ કર્યું. (૧) **સમતા :** આત્માનો જે સ્વભાવ અસંખ્યાતપ્રદેશીપણું, ચૈતન્યપણું, અરૂપીપણું વગેરે કાયમ ટકી રહે છે. (૨) **રમતા :** જીવ છે એટલે જગત રમણીય લાગે છે, દેહની શોભા જીવ છે. (૩) **ઊરધતા :** સર્વથી પ્રથમ રહેનારો પદાર્થ, તેના (આત્મા) વિના કંઈ જાણી શકાય નહિ. (૪) **જ્ઞાયકતા :** અનંત પદાર્થોને જાણવારૂપ ચૈતન્યસત્તા. (૫) **સુખભાસ :** ઈન્દ્રિય સુખ / આત્મિક સુખનો અનુભવ કરનાર. (૬) **વેદકતા :** વેદનજ્ઞાન, અનુભવજ્ઞાન. (૭) **ચૈતન્યતા :** જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ.

● **ભક્તિસંગીત :** મહાપર્વ દરમિયાન આદ.શ્રી પિકોલાબેન શાહ તથા યુવાસાધક ભક્તવૃંદે (કોબા) ભાવવાહી ભક્તિસંગીત પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા હતા.

● **અભિષેક / પૂજા :** પર્વ દરમિયાન વિશિષ્ટ રીતે ભાવોત્પાદક જિનાભિષેક તથા જિનેન્દ્રપૂજાના કાર્યક્રમો બન્ને પર્યુષણમાં (૮ + ૧૦ = ૧૮ દિવસો દરમિયાન) યોજાયા હતા. અભિષેક - પૂજા - આરતીનો લાભ લઈ વિશિષ્ટ પુણ્યાર્જન કરવા બદલ મુમુક્ષુ ભાઈ-બહેનોએ અનેકશઃ ધન્યવાદ.

● **ધાર્મિક અંતાક્ષરી :** તા. ૫-૯-૨૦૧૬ના રોજ યોજાયેલ આ કાર્યક્રમમાં ૧૨ મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. પ્રજ્ઞાવંત, મુમુક્ષુ ભાઈશ્રી કપિલભાઈ વ્યાસે ખૂબ જહેમત ઉઠાવીને કાર્યક્રમની સુંદર તૈયારી કરી હતી; જેમાં તેઓશ્રીએ બા.બ્ર. સુરેશજી, આદ.શ્રી શરદભાઈ ડેલીવાળા તથા શ્રી મિતેશભાઈ શાહનો સહયોગ સાંપડ્યો હતો.

● **પુસ્તક વિમોચન :** તા. ૪-૯-૨૦૧૬ના દિવસે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ તથા આદ. શ્રી ગુણવંત બરવાળિયા સંપાદિત **'જૈન વિશ્વકોશ (ભાગ - ૧)'** ગ્રંથનું વિમોચન પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

સંસ્થા પ્રકાશિત દિવાળી પુસ્તિકા **'જીવનકળા'**નું વિમોચન આદ. પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈના વરદ હસ્તે કરવામાં આવ્યું. એક મુમુક્ષુ બહેન તરફથી સૌને દિવાળી પુસ્તિકાની પ્રભાવના કરવામાં આવી.

● **તપની આરાધના : તપસા નિર્જરા ચ ।** તપ કરવાથી કર્મોની નિર્જરા થાય છે. પર્વ દરમિયાન મુમુક્ષુઓએ શક્તિ અનુસાર ઉપવાસ, એકાસણા, આયંબિલ, વૃત્તિપરિસંખ્યાન જેવા અનેક તપની આરાધના

કરી હતી. સર્વે તપસ્વી ભાઈ-બહેનોના તપની ખૂબ અનુમોદના કરીએ છીએ. પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે નીચેના તપસ્વી ભાઈ-બહેનોના પારણા કરાવવામાં આવ્યા.

| | | |
|---|---|---|
| (૧) | આદ.શ્રી મોહનભાઈ કરસનભાઈ પ્રજાપતિ, લક્ષ્મીપુરા, તા. ખેડબ્રહ્મા | ૮ ઉપવાસ |
| (૨) | આદ.શ્રી ઉષાબેન મહેન્દ્રભાઈ કોઠારી, અમદાવાદ | ૬ ઉપવાસ |
| (૩) | આદ.શ્રી પારુલબેન શરદભાઈ જશવાણી, મુંબઈ | ૫ ઉપવાસ |
| (૪) | આદ.શ્રી બા.બ્ર. છાયાબેન શેઠ, કોબા | ૪ ઉપવાસ |
| (૫) | આદ.શ્રી સુરેખાબેન શાહ, કોબા | ૪ ઉપવાસ |
| (૬) | આદ.શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણી, કોબા | ૩ ઉપવાસ |
| (૭) | આદ.શ્રી રેખાબેન સુરેન્દ્રભાઈ શાહ, અમદાવાદ | ૩ ઉપવાસ |
| (૮) | આદ.શ્રી રાજીવ વિનોદભાઈ શાહ, સિંગાપોર | ૩ ઉપવાસ |

● **પ્રકીર્ણ :** મહાપર્વ દરમિયાન ધાર્મિક પ્રશ્નોત્તરી કાર્યક્રમ અંતર્ગત આદ. પંડિતજીએ શંકા-સમાધાન કરાવ્યું હતું. શ્રી બૃહદ્ આલોચના, શ્રી આત્મસિદ્ધિપારાયણ દ્વારા સૌએ આત્મવિશુદ્ધિનો લાભ લીધો. આદ.શ્રી નિખિલભાઈએ ભગવાન મહાવીરના જીવનચરિત્રનું સુંદર વર્ણન કર્યું હતું. યોગાચાર્ય શ્રી દુષ્યંતભાઈ મોદીએ સૌને યોગાસન અને પ્રાણાયામ કરાવ્યા હતા, જેની સાભાર નોંધ લઈએ છીએ. ચિ. આરવ મિતેશભાઈ શાહ તથા ચિ. લબ્ધિ મિતેશભાઈ શાહે ભગવાન મહાવીર અને ચંડકૌશિક નાગ પ્રસંગને નાટ્યરૂપે ભજવ્યો હતો. સંવત્સરીના દિવસે સાંવત્સરિક પ્રતિક્રમણ કરી, એકબીજાને 'મિચ્છા મિ દુક્કડમ્' પાઠવ્યા હતા. પર્યુષણ મહાપર્વ દરમિયાન તન-મન-ધનથી સહયોગ આપનારા સૌ મુમુક્ષુ ભાઈ-બહેનોને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થામાં યોજાયેલ 'મુન્યાચાર' (મુનિઓનું ચારિત્ર) વિષયક લેખિત કસોટીનું પરિણામ

મુમુક્ષુ ભાઈ-બહેનોનો જ્ઞાનાભ્યાસ થાય તે હેતુથી સંસ્થા દ્વારા અવારનવાર લેખિત કસોટીઓનું આયોજન થતું રહે છે. તા. ૨૯-૮-૨૦૧૬ના રોજ ઉપરોક્ત વિષયના આધારે લેખિત કસોટી યોજવામાં આવી હતી. આદ.બા.બ્ર.શ્રી સુરેશજીએ ખૂબ પ્રેમપરિશ્રમ લઈને પ્રશ્નપત્ર બનાવ્યું હતું તેમજ ઉત્તરવહીઓ તપાસી હતી. સારી સંખ્યામાં મુમુક્ષુ ભાઈ-બહેનોએ આ કસોટીમાં ભાગ લીધો હતો. લેખિત કસોટીમાં ભાગ લેવા બદલ તથા સારું પરિણામ લાવવા બદલ સર્વેને સંસ્થા તરફથી અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ. પ્રથમ દશ ક્રમાંક પ્રાપ્ત કરનારા મુમુક્ષુ ભાઈ-બહેનોની યાદી નીચે મુજબ છે :

(૧) આદ.શ્રી કપિલભાઈ વ્યાસ - ૯૩ ગુણ, (૨) બા.બ્ર. જનકબેન - ૯૧ ગુણ, (૩) આદ.શ્રી અશોકભાઈ પી. શાહ તથા આદ. ડૉ. રાગિણીબેન શાહ - ૮૯ ગુણ, (૪) બા.બ્ર. અલકાબેન - ૮૩ ગુણ, (૫) આદ.શ્રી રમણભાઈ શાહ, ગાંધીનગર - ૮૧ ગુણ, (૬) આદ.શ્રી ભાવિનભાઈ એ. શાહ, સુઘડ - ૮૦ ગુણ, (૭) આદ.શ્રી સુધાબેન લાખાણી - ૭૯ ગુણ, (૮) આદ.શ્રી અનુપમભાઈ શાહ તથા આદ.શ્રી તરલાબેન બાવીસી - ૭૮ ગુણ, (૯) પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી - ૭૭ ગુણ, (૧૦) આદ.શ્રી સંધ્યાબેન, ચીતરી - ૭૫ ગુણ.

## અનુમોદના

આપણી સંસ્થામાં આદ. શ્રી સુરેશભાઈ પટેલે ત્રણેક વર્ષ મેનેજર તરીકે નિષ્ઠાસભર સેવાઓ આપી હતી. સેવાનિવૃત્તિ બાદ પણ તેઓશ્રીએ સંસ્થાના ચેરિટેબલ ટ્રસ્ટના નિયમો પ્રમાણેની છેલ્લા ત્રણેક વર્ષની કામગીરી પૂરી કરવામાં નિઃસ્વાર્થભાવે પોતાનો સમય ફાળવેલ. આ રીતે પોતાના વિશિષ્ટ જ્ઞાનનો લાભ કોઈપણ પ્રકારના વળતરની આશા વગર સંસ્થાને આપ્યો. તેઓની નિઃસ્વાર્થ સેવાની ભાવનાઓની સંસ્થા કદર કરે છે અને તેઓને અનેકશઃ ધન્યવાદ પાઠવે છે. તેઓશ્રીની આ નિઃસ્વાર્થ સેવાઓની અનુમોદના પૂજ્યશ્રી આત્માનંદજીના શુભાશિષ સહ સંસ્થા દ્વારા શાલ તથા કવર અર્પણ દ્વારા કરવામાં આવી હતી. પ્રામાણિકતા, સેવા, વિચક્ષણતા, કર્મઠતા, કાર્યનિષ્ઠા, કાર્યદક્ષતા જેવા સદ્‌ગુણો ધરાવતા કર્મયોગીશ્રી સુરેશભાઈને સાભાર ધન્યવાદ.

## પર્વાધિરાજ પર્યુષણ સમયે 'જૈન વિશ્વકોશ'નું ઐતિહાસિક પ્રકાશન

આજ સુધી જૈન ધર્મના વિશ્વકોશને સર્જવા માટે અનેક પ્રયત્નો થયા પરંતુ એને ધારી સફળતા મળી નહીં. હવે યુગ દિવાકર રાષ્ટ્રસંત પૂ. શ્રી નમ્રમુનિજી મહારાજની પ્રેરણા અને માર્ગદર્શનને પરિણામે સર્વપ્રથમ 'જૈન વિશ્વકોશ' તૈયાર થઈ રહ્યો છે અને એના પ્રથમ ભાગનું વિમોચન તા. ૪-૯-૨૦૧૬ના રોજ કોબા મુકામે પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

'જૈન વિશ્વકોશ'ના પ્રથમ ભાગમાં જૈન ધર્મના ૪૬૨ જેટલા જુદા જુદા લેખો છે. ૨૨૨ જેટલાં રંગીન ચિત્રો છે અને જૈન ધર્મના જુદા જુદા ૯૫ વિષયોને કક્કાવારી પ્રમાણે તૈયાર થયેલા આ ગ્રંથમાં આવરી લેવાયા છે. ૩૯૨ પૃષ્ઠમાં તૈયાર થયેલ એના પ્રથમ ભાગમાં જૈન મહાત્માઓ, પંડિતો, વિદ્વાનો અને સંશોધકોએ પોતાના લેખો લખ્યા છે. કેનેડાના પ્રકાશ મોદી, એન્ટવર્પના રાજેશ તાસવાલા, અમેરિકાના ચંદ્રકાન્ત મહેતા, લંડનના નેમુ ચંદરયા અને વિનોદ કપાસી જેવા વિદ્વાન લેખકોનો આમાં સહયોગ પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત સમગ્ર ભારતના એકસો જેટલા અભ્યાસીઓ આની પાછળ કાર્યરત છે.

જૈન સમાજમાં હજારો વર્ષથી નહીં થઈ થઈ શકેલું આ કપરું કાર્ય કરવાની પાછળ એમની શાસનભક્તિ, વિદ્યાપ્રીતિ અને સમાજઉત્થાનની ભાવના કારણભૂત બની અને આ કાર્યની જવાબદારી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને શ્રી ગુણવંત બરવાળિયાએ સ્વીકારી અને એક ભગીરથ કાર્યનો પ્રારંભ થયો.

આ વિશ્વકોશમાં અનેક વિષયોને આવરી લેવામાં આવ્યા છે, જેમાં જૈન કલા, જૈન ક્રિયાઓ, જૈન વ્રત અને તપ, જૈન શાસ્ત્રકારો, ગ્રંથો સંશોધનો સંસ્થાઓ, જૈન સિદ્ધાંતો, તીર્થંકરો, શ્રેષ્ઠીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ, ગણધરો, ઉત્તમ શ્રાવકો અને શ્રાવિકાઓ, પ્રતીકો, જ્ઞાનભંડારો, જૈન ભૂગોળ, જૈન ગણિત, જૈન જ્યોતિષ, જૈન ધર્મ અને સમાજશાસ્ત્ર, જૈન ધર્મ અને માનસશાસ્ત્ર, જૈન ધર્મ અને પર્યાવરણ, જૈનભાષા-સાહિત્ય, જૈન પંડિતો, જૈન વીરપુરુષો, જૈન રાજવીઓ, તીર્થસ્થળો, સામયિકો, સંપ્રદાયો, ગચ્છો, પત્રકારો, જૈન ખગોળ, જૈન ધર્મ અને શાકાહાર જેવા આશરે સિત્તેર જેટલા જુદા જુદા વિષયોના જુદા જુદા પેટાવિષયો અને ભિન્ન ભિન્ન પાસાંઓ વિશે લેખન કરવામાં આવ્યું છે અને એમાં દરેક વિશે પ્રમાણભૂત માહિતી રજૂ કરવામાં આવી છે.


આ ગ્રંથ તૈયાર કરવામાં જૈનોના દરેક ફીરકાના વિદ્વાન ગુરુ ભગવંતો, પૂ. સતીજીઓ અને વિદ્વાનોનો

સહયોગ મળ્યો છે. આ ઐતિહાસિક ગ્રંથનું પર્યુષણ પર્વ દરમિયાન વરિષ્ઠ આચાર્ય ભગવંતો અને સંત-સતીજીઓની નિશ્રામાં એકસાથે અલગ અલગ પચ્ચીસ શહેરોના ઉપાશ્રયો અને દેરાસરોના પવિત્ર સ્થળે, જૈન અગ્રણી શ્રેષ્ઠીવર્યોના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું.

આ મહાન ગ્રંથ જૈનધર્મ વિશે જૈન-જૈનેતર સહુને અત્યંત ઉપયોગી, માહિતીપ્રદ અને પ્રમાણભૂત માહિતી આપશે, જે પ્રત્યેક જૈને જરૂર વસાવવો જોઈએ. આના હવે પછી બીજા છ ભાગો પ્રકાશિત થશે.

વધુ માહિતી માટે સંપર્ક : ૦૭૯-૨૬૭૬૨૦૮૨ અને ૦૨૨-૪૨૧૫૩૫૪૫, પારસધામ - ઘાટકોપર કરી શકાશે.

## વૈરાગ્ય સમાચાર



**[૧] સાળંગપુર :** બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના વડા **પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે** ૯૫ વર્ષની વયે તા. ૧૩-૮-૨૦૧૬ના સાંજના ૬.૦૦ વાગ્યે નશ્વર દેહનો ત્યાગ કર્યો છે. તેઓ શ્રી સ્વામિનારાયણના પાંચમાં આધ્યાત્મિક વારસદાર હતા. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે કિશોર વયે તેઓને પાર્ષદની દીક્ષા આપી હતી. ત્યારબાદ ગોંડલમાં તેઓને ભાગવત દીક્ષા આપવામાં આવી. ઈ.સ. ૧૯૫૦માં પૂ. શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલી સંસ્થા બીએપીએસના પ્રમુખ તરીકે તેઓને નિયુક્ત કરવામાં આવ્યા હતા.

પૂ. પ્રમુખસ્વામી મહારાજે અધ્યાત્મનો સંદેશ ફેલાવવા ઉપરાંત યુવાનોને વ્યસનમુક્ત કરવામાં પણ મહત્ત્વની કામગીરી અદા કરી હતી. યુનોની ધર્મસંસદમાં ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ પ્રવચન કરી તેમણે ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું. અનેક મહાનુભાવો સાથે તેઓની નિકટતા હતી. તેઓશ્રીએ પોતાના જીવનકાળ દરમિયાન ૧૭,૦૦૦ જેટલા ગામ-શહેરોની મુલાકાત લીધી હતી, દેશ-વિદેશમાં ૧૧૦૦ જેટલા મંદિરોનું નિર્માણ કરાવ્યું. ૨,૫૦,૦૦૦ થી વધુ કુટુંબોને નિર્વ્યસની જીવન જીવવાની પ્રેરણા આપી વ્યસનમુક્ત કર્યા, તેઓશ્રીની પ્રેરણાથી ૯૦૯૦ જેટલા સંસ્કાર કેન્દ્રો શરૂ કરાયા, સેવા માટે ૫૫૦૦૦ સ્વયંસેવકોની ફોજ તૈયાર કરી.

પૂ. પ્રમુખસ્વામી અને પૂજ્ય શ્રી આત્માનંદજી વચ્ચે વાત્સલ્યસભર સંબંધો જળવાઈ રહ્યા હતા. બંને સંતો સત્સંગ અર્થે પ્રસંગોપાત મળતા રહેતા. ઈ.સ. ૧૯૯૧માં આપણી સંસ્થાના 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' સ્વાધ્યાયહૉલનું ઉદ્‌ઘાટન પૂ. પ્રમુખસ્વામીજીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રી આત્માનંદજી, પૂજ્ય બહેનશ્રી સહિત કેટલાક મુમુક્ષુઓ પ્રમુખસ્વામીજીના અંતિમ દર્શનાર્થે સાળંગપુર ગયા હતા. સંસ્થામાં બે મિનિટનું મૌન પાળીને સ્વામીજીને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. સ્વામીજીની ચિરવિદાયથી આધ્યાત્મિક વિશ્વને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સમસ્ત કોબા પરિવાર પૂ. પ્રમુખસ્વામીજીને વંદન સહિત શ્રદ્ધાંજલિ અર્પે છે.

## 'જૈન વિશ્વકોશ (ભાગ-૧)' ગ્રંથનું વિમોચન કરતાં પૂજ્યશ્રી આત્માનંદજી





## સંસ્થા સંચાલિત સૌને સહાયભૂત 'મેડિકલ સેન્ટર'ની તસવીરો















Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

## સંસ્થા દ્વારા પ્રકાશિત નૂતન વર્ષની દિવાળી પુસ્તિકા 'જીવનકળા'નું વિમોચન કરતાં પદ્મશ્રી ડો. કુમારપાળભાઈ દેસાઈ






દિવાળી પુસ્તિકા 'જીવનકળા'નું મુખપૃષ્ઠ

### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

૧ સ્વ. પૂ. માતુશ્રી દશરાબેન ભાઈલાલ સંઘવી તથા સ્વ. સુલોચનાબેન બિપીનભાઈ સંઘવીના આત્મશ્રેયાર્થે હસ્તે : આદ.શ્રી બિપીનભાઈ, આદ.શ્રી પ્રદીપભાઈ તથા પરિવાર, મલાડ (W), મુંબઈ તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

૨ સ્વ. પૂ. પિતાશ્રી જયંતીલાલ ખીમચંદ સંઘવીના આત્મશ્રેયાર્થે

હસ્તે : તેઓના સંતાનો (વીણા, હરીશ, રીટા, કલ્પના) તથા પરિવારજનો (કોબા અને ન્યૂજર્સી, યુ.એસ.એ.) તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah